**સુવિચાર**

કામ કરવા માટે કોઈ પરિસ્થિતિ આદર્શ હોતી જ નથી. આદર્શ વસ્તુ એક જ છે. તમારો કામગરો સ્વભાવ.

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૬/૦૫/૨૦૨૩, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.






તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૭૯ જેઠ સુદ-૭ વર્ષ : ૧૫ અંક : ૧૩૮


## અમરેલીની જીલ હેમંતભાઈ તૈરૈયાએ ૯૯.૯૯ પીઆર સાથે રાજયમાં પ્રથમ ગ્રેડમાં સ્થાન મેળવ્યું

# અમરેલી જિલ્લાનું ધો. ૧૦નું ૬૪.૩૦ ટકા પરિણામ

### લાઠીનાં કેરાળા ગામનાં શિક્ષકની પુત્રીએ દરરોજ ૧૦થી ૧૨ કલાક મહેનત કરીને શ્રેષ્ઠ પરિણામ હાંસલ કર્યુ

### ૯૯.૯૯ પીઆર મેળવીને રાજયનાં ટોપ વિદ્યાર્થીઓમાં સ્થાન પામીને સમગ્ર જિલ્લાનું ગૌરવ વધાર્યુ

### જીલ તૈરૈયા ધો. ૧૦માં B-ગૃપમાં પ્રવેશ મેળવીને ભવિષ્યમાં ડોકટર બનવાનું સ્વપ્ન રાખી રહી છે

### શ્રેષ્ઠ પરિણામ મળતા સમગ્ર તૈરૈયા પરિવારે નાગનાથ મહાદેવનાં દર્શન કરી આભાર વ્યકત કર્યો

અમરેલી, તા. ૨૫

ધો. ૧૦નું આજે પરિણામ જાહેર થતાં જ અમરેલીની એક વિદ્યાર્થીની ધો. ૧૦માં સમગ્ર ગુજરાતમાં ૯૯.૯૯ પીઆર મેળવી પ્રથમ સ્થાન મેળવતા ભારે ઉત્સાહ છવાયો છે. જયારે જિલ્લાનું પરિણામ ૬૪.૩૦ ટકા આવેલ છે.

અમરેલી શહેરમાં રહેતી જીલ હેમંતભાઈ તેરૈયા નામની વિદ્યાર્થીનીએ માર્ચ-૨૦૨૩માં ધો. ૧૦ની પરીક્ષા આપી હતી. આજે ધો. ૧૦નું પરિણામ જાહેર થતાં જ જીલ તેરૈયાએ ૯૯.૯૯ પીઆર મેળવી સમગ્ર બોર્ડમાં પ્રથમ સ્થાન મેળવી



અમરેલી શહેર, જિલ્લા તથા સ્કૂલનું ગૌરવ વધારેલ છે.

જીલ હેમંતભાઈ તેરૈયાનાં પિતા લાઠી તાલુકાનાં કેરાળા ગામે પ્રાથમિક સ્કૂલમાં ટીચર તરીકે ફરજ બજાવે છે. જયારે તેઓ બે બહેનોમાં તે નાની છે અને ૧ ભાઈ સૌથી નાનો છે.

જીલ તેરૈયાએ વાતચીતમાં જણાવ્યું હતું કે, તેઓ દરરોજ ૧૦ થી ૧૨ કલાક સુધી અભ્યાસ કરતી અને મહિનામાં માત્ર ૧ દિવસમાં ૩ થી ૪

**અનુસંધાન પાના ૬ ઉપર**

## સાવરકુંડલા નજીક આવેલ ઓળીયા ગામે કાનનાં ઓપરેશનનાં કારણે લાગી આવતા વિદ્યાર્થીનીએ ઝેરી દવા પીધી

### તરૂણીનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું

અમરેલી, તા. ૨૫

સાવરકુંડલા તાલુકાનાં ઓળીયા ગામે રહેતી અને અભ્યાસ કરતી દિપુબન મંગળશીભાઈ બગડા નામની ૧૫ વર્ષિય તરૂણીને ૧ વર્ષથી કાનનાં પડદાની બીમારી હોય અને દવા પણ ચાલું હોય થોડા સમય પછી કાનનું ઓપરેશન કરવાનું હોય. જેથી મનમાં લાગી આવતા પોતાની મેળે ઝેરી દવા પી લેતા તેણીનું સારવાર દરમિયાન મોત નિપજયાનું સાવરકુંડલા રૂરલ પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## ઘરનું ગુજરાન ચલાવવાનું મુશ્કેલ બન્યું હે રામ : ધારીનાં શ્રમિક યુવકે આર્થિક સંકડામણનાં કારણે ગળાફાંસો ખાઈ લીધો

અમરેલી, તા. ૨૫

ધારી ગામે સરસીયા રોડ ઉપર રહેતા અને મજૂરી કામ કરતાં શકિતભાઈ દલાજી ઝવેરી નામનાં ૩૦ વર્ષિય યુવક મજૂરી કરી મુશ્કેલીથી પોતાનું ગુજરાન ચલાવતા હોય. તે દરમિયાન ૧૫ દિવસ પહેલા મજૂરી કામ કરતાં હતા તે દરમિયાન પથ્થર પગ ઉપર પડતા પ્લાસ્ટરનો પાટો આવેલ હોય. જેથી તે મજૂરી કામ ઉપર જઈ શકતા ન હોય. જેથી તેમને ઘર ચલાવવામાં મુશ્કેલી પડતી હોય જેથી તેમણે આર્થિક સંકડામણનાં કારણે લાગી આવતા ગત તા. ૨૩નાં રાત્રે ૧૦થી તા. ૨૪નાં સવાર સુધીનાં ગાળામાં પોતાની મેળે પંખા સાથે સાડી બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું ધારી પોલીસમાં જાહેર થવા પામેલ છે.





**જોઈએ છે**

પેટ્રોલપંપ પર કામ કરી શકે તેવા ભાઈઓ/બહેનો આકર્ષક પગારથી જોઈએ છે

શ્રી ક્રિષ્ના પેટ્રોલ પંપ
HP પેટ્રોલ પંપ, માણેકપરા, અમરેલી.









### અમરેલી જિલ્લા આમ આદમી પાર્ટીએ કલેકટર મારફત મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવ્યું

# પાંજરાપોળની જમીનનાં રૂપિયા ૧૦ હજાર કરોડનાં કૌભાંડની તપાસ કરો

**ગાંધી અને સરદારની ભૂમિનાં નામે ઓળખાતા ગુજરાતમાં દિનપ્રતિદિન કૌભાંડોની હારમાળા સર્જાઈ રહી હોય તે બાબત અતિ દુઃખદાયક**

**દિવસે ને દિવસે અવનવા કૌભાંડો જાહેર થઈ રહ્યા હોય તટસ્થ તપાસ શરૂ થવી જરૂરી બની**

**રાજયમાં જમીન કૌભાંડોની પરંપરા સર્જાઈ હોય સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ દ્વારા તપાસ થાય તેવી માંગ**

**રાજયની જનતાએ ૧૫૬ બેઠક આપી હોય જનતામાં વિશ્વાસ ઉભો થાય તે માટે પગલા લેવા માંગ કરી**






અમરેલી, તા. ૨૫

અમરેલી જિલલ આમ આદમી પાર્ટીએ આજે કલેકટર મારફત મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવેલ છે.

આવેદનપત્રમાં જણાવેલ છે કે, બહુ ખેદ સાથે કહેવું પડે છે કે, ગૌરવવંતુ ગુજરાત ગાંધી–સરદારની નખશીખ ઈમાનદારીનો વારસો ધરાવતું ગુજરાત અનેક કૌભાંડોનાં કારણે લગભગ કૌભાંડી ગુજરાત કહી શકાય એ હદે દિવસે દિવસે કૌભાંડો મીડિયામાં ચમકતા રહે છે. પેપર, ડમી, રોડ–રસ્તાના કામોમાં ભ્રષ્ટાચાર ઉપરાંત ગુજરાતનાં પડતર–ખરાબા– ગૌચર નાના–મોટા પાયે સગેવગે કરવાનાં કૌભાંડો પછી હવે પાંજરાપોળની જમીનનું ૧૦,૦૦૦ કરોડનું કૌભાંડ અખબારી પાને આવી રહ્યું છે. એમા આપના જ પક્ષના–ભારતીય જનતા પાર્ટીના–સરકારમાં બેઠેલા માજી મુખ્યમંત્રી અને મહેસુલ મંત્રીનાં નામો આવી રહ્યા હોય ત્યારે કોઈ અધિકારીઓ તપાસ કરે અને એ તટસ્થ હોય, ગુનેગારો સુધી પુરાવા સાથે દોરી જનારી તપાસ હોય એવું ગુજરાતની જનતા કેવી રીતે માને ?

ઠેર–ઠેર ફરતા લોકમુખે જે સાંભળીએ છીએ એ મુજબ તો આ પણ હિમશિલાની એક ટોચ સમાન લાગે છે. જમીન માપણીનાં મુદે સરકાર લાંબા સમયથી મુદતો વધારતી જાય છે પરંતુ એ રદ એટલા માટે કદાચ નથી કરતી કે એમાં જે જમીનોની હેરફેર થયાનું ધ્યાનમાં આવે છે એ જો બહાર આવે તો હાલનું કૌભાંડ હિમશિલાની ટોચ સમાન જ લાગે.

એક જવાબદાર રાજકીય પક્ષ, વિપક્ષ તરીકે અમારી નૈતિક જવાબદારી છે કે ગુજરાતના સંશાધનો કોઈ વગદારો ચરી ના જાય. જો એવું થાય તો લોકો વતી બોલવું, લડવું અને એ સંશાધનોનું રક્ષણ કરવું, ગુનેગારોને સરકાર સજા ના આપે તો લોકોની અદાલતમાં અને કાયદાની અદાલતમાં લડત આપવી.

આવું ના થાય. ગુજરાતની આમ જનતાને વિશ્વાસ બેસે કે "તટસ્થ તપાસ થશે અને ગુનેગારોની કડકમાં કડક સજા સજા થશે" એટલા હાઈકોર્ટના ચાલું અથવા સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશની અધ્યક્ષતામાં સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમની રચના કરવામાં આવે. એને ના માત્ર પાંજરાપોળની જમીનની પરંતુ ગુજરાતમાં જયાં કયાંય પણ લોકો/સંસ્થાઓ આવા સત્તામાં બેઠેલા કે માથાભારે લોકોનો ભોગ બન્યા હોય એ તમામને આમંત્રે અને સમયબધ્ધ રીતે તપાસ આગળ વધારે. જેમ જેમ પુરાવા મળતા જાય તેમ તેમ કેસો દાખલ થતાં જાય અને ઝડપથી ચાલતા જાય એવી વ્યવસ્થા ઉભી કરે તો જ ગુજરાતનાં મતદારો જેણે ભારતીય જનતા પાર્ટીને ગત ચૂંટણીમાં ૧૫૬ સીટો આપી છે એને વિશ્વાસ પડશે કે સરકારમાં ન્યાય છે અને ખરેખર "ચમરબંધીને પણ છોડતી નથી."

ખુદ ભારતીય જનતા પાર્ટીની એક રાજકીય પક્ષ તરીકે અને મુખ્યમંત્રી તરીકે આપની સરકારની પ્રતિષ્ઠા દાવ પર લાગી છે એવું અમને લાગે છે. આશા છે આપ તાત્કાલિક આ દિશામાં આગળ વધશો અને ગુજરાતનાં મતદારોને સાચા ન્યાયનો વિશ્વાસ અપાવે એવા પગલાં ભરશો તેવી માંગ અંતમાં કરેલ છે.

### ભાવનગરનાં ફિરોઝ ઉર્ફે પિન્ટુ પઠાણની અટકાયત

## અમરેલીમાં વાસણની દુકાનનાં કર્મચારીનાં નામે નાણાકિય વ્યવહાર કરનાર આરોપી ઝડપાયો

**પોલીસે કોર્ટમાં રજૂ કરતાં ૬ દિવસનાં રીમાન્ડ મળ્યા**




અમરેલી, તા. ૨૫

અમરેલીમાં એક વાસણની દુકાનમાં કામ કરતા આધેડને ઈન્કમટેકસ તરફથી મળેલી નોટિસ બાદ તેના દ્વારા અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ ખાતે ફરિયાદ નોંધાવવામાં આવેલ હતી. જે ફરિયાદ અંગે ભાવનગર સીટની તપાસમાં સમગ્ર રાજય વ્યાપી જીએસટી સ્કેન્ડલ બહાર આવેલ હતું. જેમાં અમરેલીનાં શખ્સનાં નામે બોગસ સાત પેઢીઓ ખોલી જી.એસ.ટી.નું આચરવામાં આવેલ કૌભાંડમાં ભાવનગરનાં એક ભેજાબાઝને ઝડપી લેવામાં આવેલ હતો. જેનો અમરેલી સાઈબર પોલીસે કબ્જો લઈ છ દિવસનાં રિમાન્ડ મેળવેલ હતા.

આ અંગે ભાવનગર સાયબર ક્રાઈમના પીઆઈ દ્વારા પ્રેસ કોન્ફરન્સ કરી માહિતી આપવામાં આવી હતી કે, આ જીએસટી કૌભાંડ ઝડપી પાડવામાં આવ્યું હતું અને દસ્તાવેજા બનાવી જીએસટીની પેઢીઓ ખોલવામાં આવી હતી અને ઈન્ટરનેટનાં માધ્યમથી કૌભાંડ કરવામાં આવ્યું હતું. જેને પગલે આઈટીની કલમો પણ લાગી હતી. જીએસટીનું કૌભાંડ કરવા માટે બોગસ પેઢીઓ રાજયભરમાં બનાવવામાં આવે છે અને તેને વેચીને બોગસ બિલીંગ કરવામાં આવી રહ્યું હતું અને સરકારને જે જીએસટી ભરવાનો હતો જે ભરવામાં આવી રહ્યું ન હતું. કેમ કે, જે લોકો પેઢીનો ઉપયોગ કરે છે. તે વ્યકિતનાં નામ પર પેઢી હોતી નથી અને ત્રાહિત વ્યકિતના નામે હોય છે જે તેને ખબર પણ હોતી નથી.

અમરેલીમાં વાસણની દુકાનમાં કામ કરતા ચંદ્રેશભાઈ સંઘવીને ઈન્કમટેકટની નોટિસ મળી હતી. તેથી તેમણે આ અંગે સી એ ને વાત કરી હતી અને તેમણે ડીટેલ કઢાવતા સમગ્ર મામલો સામે આવ્યો હતો અને તેમના નામ પર ૭ જેટલી બોગસ પેઢીઓ ચાલું હતું તે તેમણે ખોલાવી ન હતી. આ ૭ બોગસ પેઢીઓની જીએસટી પાસેથી ડિટેઈલ્સ કઢાવતા જેમાંથી ૨ તામિલનાડુ, ૨ મહારાષ્ટ્ર અને ૩ ગુજરાતમાં કંપનીઓ ચાલુ હતી. જે બાબતે ચંદ્રેશભાઈ દ્વારા અમરેલી સાઈબર ક્રાઈમ ખાતે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આ અંગે રાજય સરકાર દ્વારા નોંધ લઈને ભાવનગર આઈજીપીનાં નેતૃત્વ હેઠળ સીટની રચના કરવામાં આવી હતી. જેમાં સીટ દ્વારા પહેલેથી જ ત્રણ ગુન્હાઓની તપાસ ચાલી રહી હતી. તે દરમિયાન અમરેલીનાં ગુન્હાની તપાસ પણ સીટને સોંપવામાં આવી હતી.

આ અંગે તપાસ કરવામાં આવતા સામે આવ્યું હતું કે, કોઈપણ કંપની બનાવે ત્યારે મોબાઈલ નંબર જીએસટીને આપવામાં આવે છે. જે નંબર આ પેઢીઓ બનાવવામાં આપેલ હતો. બાદમાં તે નંબર એક જુના મોબાઈલ લે વેંચ કરનાર વ્યકિતને આપ્યો હતો અને આ નંબર ઉમરાળાના વ્યકિત દ્વારા ઉપયોગ કરવામાં આવતો હોવાનું પોલીસની તપાસમાં ખુલતા આ મોબાઈલ ભાવનગરના લે વેંચ કરતા એક વેપારી પાસેથી લીધેલ હોવાનું જણાવતા પોલીસે મોબાઈલની લે વેંચ કરતા વેપારીની પૂછપરછ કરતાં આ મોબાઈલમાં ભાવનગરનાં ફિરોજ ઉર્ફે પિન્ટુ ગફારખાન પઠાણનું કનેકશન ખુલ્યું હતું અને ત્યારબાદ સાયબર ક્રાઈમ દ્વારા તેની ધરપકડ કરવામાં આવેલ હતી અને તેની પાસેથી એક મોબાઈલ ફોન મળી આવેલ હતો અને વધુ મોબાઈલ ફોન મળી આવે તેવી પણ શકયતા છે. અમરેલી સાયબર ક્રાઈમ પોલીસે આ શખ્સનો કબ્જો મેળવી અમરેલી કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો અને કોર્ટે ૬ દિવસનાં રિમાન્ડ મંજુર કરવામાં આવેલ હતા. ઈન્ટરનેટનાં માધ્યમથી આચરવામાં આવેલ બોગસ જી.એસ.ટી. કૌભાંડનો ભેદ ભાવનગર સીટની ટીમે ખોલી નાખેલ હતો.

### શહેર કોંગ્રેસ પ્રમુખ એડવોકેટ સંદીપ પંડયાનું નિવેદન

## અમરેલીમાં નાના લોકોને નિશાન બનાવાને બદલે મોટા દબાણો પણ હટાવો

**એકને ગોળને એકને ખોળની નીતી ન ચાલે**



અમરેલી, તા. ૨૫

અમરેલી શહેરમાં ડીમોલેશન અંગે જે પ્રકિયા અમરેલી નગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવી છે તેને લઈ અમરેલી શહેર કાંગ્રેસ પ્રમુખ એડવોકેટ સંદીપ પંડયાએ જણાવ્યું કે નિયમો અનુસાર દબાણ હોય અને હટાવે તેની સામે કોઈ વાંધો હોય શકે નહીં પણ તંત્ર દ્વારા માત્ર વેપારીઓના ઓટલા, છાપરાને જ નિશાન બનાવામાં આવે છે અને રાજકીય નેતાઓના દબાણો અને ગેરકાયદેસર બાંધકામો સામે કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી તે યોગ્ય નથી. આ એક ને ગોળ અને એકને ખોળની નીતિ છે.

## રાજુલાનાં હિંડોરણા ગામે જુગાર રમતા પત્તાપ્રેમી ઝડપાયા



અમરેલી, તા. ૨૫

રાજુલાનાં પો.ઈન્સ જે.એન.પરમારની સુચના અને માર્ગદર્શન નીચે રાજુલા સર્વેલન્સ સ્ટાફ દ્વારા હિંડોરણા ગામે પ્લોટ વિસ્તારમાં પ્રવિણભાઈની દુકાન પાસે જાહેરમાં સ્ટ્રીટ લાઈટના અંજવાળે પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતા રાજુભાઈ સાર્દુળભાઈ ભીલ, જયસુખભાઈ રાજાભાઈ કવાડ, મુકેશભાઈ કાળુભાઈ બાંભણીયા, હિતેષભાઈ વિઠ્ઠલભાઈ કવાડ રહે. તમામ હિંડોરણાવાળા પત્તા પ્રેમીઓને રોકડા રૂા.૧૧,૨૩૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી મજકુર આરોપીઓ વિરૂધ્ધમાં રાજુલા પોલીસ સ્ટેશનમાં જુગાર ધારાની કલમ હેઠળ ગુન્હો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી કરેલ છે.

## ચલાલા પોલીસે લૂંટનાં ગુન્હાનાં આરોપીઓને ઝડપી લીધા




અમરેલી, તા. ૨૫

ચલાલા પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સપેકટર કે.એલ.ગળચર તથા ચલાલા પોલીસ ટીમ દ્વારા ચલાલા વિસ્તારમાં લુટનાં ગુન્હામાં અજાણ્યા આરોપી અંગે સઘન તપાસ હાથ ઘરવામા આવેલ હોય, ચલાલા પોલીસ ટીમ દ્વારા સીસીટીવી ફુટેજ તથા હ્યુમન સોર્સના આધારે ચલાલા વિસ્તારમાં હુડકો નં–૦૨ વિસ્તારમાંથી મોટી ગરમલી જવાના રોડ પર આવેલ પ્રથમ પુલ પાસેથી લૂંટમાં ગયેલ મુદ્દામાલ સાથે ગોરધનભાઈ ઉર્ફે કાબો ગોવિંદભાઈ માથાસુળીયા તથા રમેશભાઈ બકુલભાઈ માથાસુળીયા રહે. બંને ચલાલાવાળાને પકડી પાડી ધોરણસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

### ધો. ૧૦માં ઉજજવળ પરિણામ મેળવ્યું

## અમરેલીનાં કેરીપેકર વાળા મુનાફભાઈ કાજીની પુત્રી સાનિયાએ ૯૩.૧૫ પીઆર મેળવ્યા

**ઓકસફર્ડ સ્કૂલ તથા કાજી પરિવારનું ગૌરવ વધાર્યુ**



અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લાની ગૌરવ સમાન ઓકસફર્ડ સ્કૂલમાં અભ્યાસ કરતી કાજી સાનિયા મુનાફભાઈ નામની વિદ્યાર્થીનીએ ધો. ૧૦માં ૯૩.૧૫ પીઆર મેળવી કાજી પરિવારનું તથા સ્કૂલનું ગૌરવ વધારેલ છે.

અમરેલીનાં કેરીપેકર નેટવર્કનાં મુનાફભાઈ કાજીની પુત્રી સાનિયાએ ૯૩.૧૫ પીઆર મેળવતાં મુનાફભાઈ કાજી તથા પરિવાર દ્વારા સાનિયાનું સન્માન કર્યુ હતું.

### રાજય સરકારનો મુસાફર વર્ગનાં હિતમાં નિર્ણય

## અમરેલી એસ.ટી. વિભાગને ૨૨ નવી બસની ફાળવણી : પરિવહન સુવિધામાં વધારો

**નાયબ દંડક કૌશિક વેકરિયાએ લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું**



અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લાના નાગરિકો માટે પરિવહનની સુવિધાઓમાં ઉમેરો થયેલ હતો. જનસુખાકારી અર્થે અમરેલી એસ.ટી. વિભાગને ફાળવવામાં આવેલી અદ્યતન ૨૨ નવી બસોને નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા એ લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યુ હતુ.

રાજય સરકાર દ્વારા ફાળવવામાં આવેલી આ બસોમાં, ૬ સ્લીપર બસ, ૬ લકઝરી બસ, ૧૦ મીની બસનો સમાવેશ થાય છે. આ બસોમાં સેફટીના આધુનિક ધોરણો સાથે મુસાફરીને આરામદાયક બનાવવા માટે એસ.ટી દ્વારા અદ્યતન સુવિધાઓ આપવામાં આવી છે. અમરેલી જિલ્લાને મળેલી આ નવી બસ દ્વારા નાગરિકોની સુખાકારી અને સુવિધામાં ચોક્કસપણે વધારો થશે તેવો વિશ્વાસ નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા એ વ્યકત કર્યો હતો.

સ્લીપર અને લકઝરી બસમાં આરામદાયક સોફા, પુશબેક સીટ, રીડિંગ લાઈટ, મોબાઈલ ચાર્જીંગ જેવી સુવિધા મળશે. તમામ બસમાં ભારત સરકારની ગાઈડલાઈન મુજબ યુરો–૬ નોર્મ્સનું સ્લીપર કોચ વાહન ઈમરજન્સી એડજસ્ટ બેકસાઈડ, એબીએસ બ્રેક સીસ્ટમ, ટોપ એર વિંગ્સ યુકત છે. જયારે મીની બસમાં પાર્કિંગ સેન્સર, રીયર વ્યૂ કેમેરા અને આરામદાયક સીટીંગ આપવામાં આવ્યું છે. આ અદ્યતન બસ અમરેલી જિલ્લાના વિવિધ ડેપોથી મહાનગરો સાથે અને તાલુકા મથકો તેમજ ગામડાં સાથેના મુસાફરોની અવરજવરને સરળ બનાવશે.

નવી ૬ સ્લીપર બસ અમરેલીથી સુરત, રાજુલાથી ભુજ, રૂટમાં અવર જવર માટે ફાળવવામાં આવી છે. જયારે ૬ લકઝરી બસ અમરેલી–ભુજ, અમરેલી–કૃષ્ણનગર, સાવરકુંડલા–અમદાવાદ, દીવ–અમદાવાદ, ઉના–અમદાવાદ રૂટમાં અવર જવર માટે ફાળવવામાં આવી છે. જયારે ૧૦ મીની બસ, અમરેલી–ઉપલેટા, અમરેલી–જુનાગઢ, અમરેલી–ભેંસાણ–જુનાગઢ, સાવરકુંડલા–ધોરાજી, અમરેલી–ઉના, બગસરા–કુંકાવાવ–રાજકોટ, બગસરા–તોરી–રાજકોટ, અમરેલી–રાજુલા, ધારી–રાજકોટ, અમરેલી–ધારી રૂટમાં અવર જવર માટે ફાળવવામાં આવી છે. આ કાર્યક્રમમાં મહાનુભાવોના હાથે નવી બસનું પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ રીબિન કાપી અને બસના નિરીક્ષણ બાદ લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ રેખાબેન મોવલિયા, એસ.ટી.ના ડી.એમ.ઈ દવે, વિભાગીય નિયામક પી.પી. ધામા ઉપસ્થિત રહેલ હતા.

બસોના લોકાર્પણ સમયે મુસાફરોમાં એક કચવાટ છવાયેલ હતો કે નેતાઓ માટે તંત્ર લાલ જાજમ બિછાવી રહેલ છે. જયારે મુસાફરો અમરેલીના ધુળીયા હંગામી બસ સ્ટેશનમાં ધૂળની આંધી તેમજ પંખા વગર કારમી ગરમીમાં અટવાય રહેલ છે. ત્યારે નવી બસો માટે ગોકળ ગતિએ ચાલી રહેલા નવું બસ સ્ટેશન કાર્યરત કરવાની તાતી જરૂરિયાત છે.

## સાવરકુંડલાનાં પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાતે મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

# અમરેલી જિલ્લામાં થતી બેફામ ખનિજ ચોરી અટકાવો

### પોલીસની ફલેગમાર્ચ સાથે નાના વેપારીઓની દુકાનોનાં દબાણ હટાવ્યા હોય હવે ખનિજ ચોરો સામે પણ કાર્યવાહી કરો


### જિલ્લાની નદીઓમાંથી વગર મંજૂરીએ ખનિજ માફિયાઓ દ્વારા થતી ચોરી અટકાવી સરકારી તિજોરીને થતું નુકસાન અટકાવો

### અગાઉ વિધાનસભામાં પણ પ્રશ્ન રજૂ કર્યો છતાં હજુ સુધી ખનિજ ચોરી બંધ થતી નથી

### સ્થાનિક તંત્ર અને ખનિજ માફિયાઓ વચ્ચે સંબધો હોવાથી કાર્યવાહી થતી ન હોવાનો પણ કર્યો આક્ષેપ

અમરેલી, તા. ૨૫

અમરેલી નજીકથી પસાર થતી શેત્રુંજી નદીનાં પટ્ટમાંથી દિવસ–રાત ખનિજ ચોરી થઈ રહ્યાનું સૌ કોઈ જાણી રહ્યું છે. ટ્રેકટર અને ડમ્પર ભરીને નદીનાં પટ્ટમાંથી રેતી ચોરી થઈ રહી છે. જનતા જનાર્દનની નજર સામે જ મહાકાય કૌભાંડ થઈ રહ્યું હોય છતાં પણ તંત્ર સબ સલામતનો દાવો કરીને હાસ્યાસ્પદ બની રહ્યું છે.





દરમિયાનમાં સાવરકુંડલાનાં પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાત પણ આ મહાકાય કૌભાંડથી ઉશ્કેરાયા છે અને તેઓએ રાજયનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર પાઠવીને નાના દુકાનદારોનાં ઓટલા–છાપરા પોલીસની ફલેગમાર્ચ યોજીને તોડી પડાયા હોય હવે ખનિજ ચોરી અટકાવવા માંગ કરેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, ગુજરાત સરકાર ધ્વારા હાલ પોલીસ ફલેગમાર્ચ, સબંધિત વિભાગનાં મોટા કાફલા સાથે જે જોમથી અમરેલી જિલ્લામાં નાના અને મધ્યમવર્ગનાં વેપારીઓની દુકાનોનું ડિમોલેશન કરવામાં આવી રહ્યું છે. ત્યારે અમરેલી જિલ્લામાં પસાર થતી નદીઓમાંથી રોયલ્ટી વગર કરોડો રૂપિયાની ખનિજ ચોરી થઈ રહી છે. તેમજ નંબર પ્લેટ વગરનાં મોટા ટ્રકો, લોડરો સાથે ખનિજ માફિયાઓ ધ્વારા બેફામ ખનિજ ચોરી કરવામાં આવી રહી છે. આ બાબતે અમો ધ્વારા પૂર્વે પણ પત્ર વ્યવહાર તેમજ વિધાનસભામાં પણ પ્રશ્ન ઉઠાવેલ છે. તો પણ આ ભૂમાફિયાઓ ધ્વારા ખનિજ ચોરી કરતા અટકયા નથી. કરોડો રૂપિયાની રેતીની ચોરી થઈ રહી છે ત્યારે આપની સરકાર ધ્વારા હાલ જે ડિમોલેશનની પ્રક્રિયા ચાલી રહી છે. તેવી રીતે બિન અધિકૃત ખનિજ ચોરીને ડામવા કયારે ફલેગમાર્ચ અને મોટા કાફલા સાથે કાર્યવાહી થશે તે આ પત્રના માધ્યમથી જાણવા માંગુ છું.

અમરેલી જિલ્લામાં બિનઅધિકૃત રીતે ખનિજ ચોરી બાબતે અગાઉ અવાર–નવાર પત્ર વ્યવહાર કરવામાં આવેલ છે. પરંતુ તંત્ર અને સરકાર તેમજ ભૂમાફિયા વચ્ચેના સુવાળા સબંધો હોય તેવું હાલ સાબિત થઈ રહ્યું છે. તો આ બાબતે અમરેલી જિલ્લામાં તંત્ર અને સબંધિત વિભાગને સાથે રાખી ફલેગમાર્ચ કે મોટા કાફલા સાથે ખનિજ ચોરી ડામશો તેવી માંગ અંતમાં કરેલ છે.

---

#### ચલાલા નજીક આવેલ

## ગોપાલગ્રામ ગામે અગાઉના મનદુઃખનાં કારણે ખેડૂતને માથામાં પાઈપ મારી ઈજા કરી

### તે જ ગામે રહેતા ૨ ઈસમો સામે પોલીસ ફરિયાદ

અમરેલી, તા. ૨૫

ધારી તાલુકાનાં ગોપાલગ્રામ ગામે રહેતા અનકભાઈ પૂંજાભાઈ વાળા નામનાં ૪૭ વર્ષિય પ્રૌઢ ખેડૂતને અગાઉ દિવ્યરાજભાઈ મંગળુભાઈ કોટીલા સાથે ઝગડો થયેલ તે બાબતનું મનદુઃખ રાખી ગત તા. ૨૩નાં રોજ સાંજે અનકભાઈ વાળાને સામાવાળા દિવ્યરાજભાઈ કોટીલા તથા વિશ્વરાજભાઈ મંગળુભાઈ કોટીલાએ માથામાં પાઈપ મારી તથા જમણા હાથે ઈજા કર્યાની ફરિયાદ ચલાલા પોલીસમાં નોંધાઈ છે.

---

#### સારહિનાં સેવાયજ્ઞમાં દાનનો પ્રવાહ

## અમરેલીનાં જાણીતા તબીબે સારહિ તપોવનમાં રૂા. ૫૧ હજારનું દાન આપ્યું

### ડો. ચંદ્રેશ ખૂંટ તથા પરિવાર દ્વારા પ્રેરણાદાયી કાર્ય

અમરેલી, તા. ૨૫

અમરેલી ખાતે સારહિ તપોવન આશ્રમનું નિર્માણ કાર્ય પુરજોશમાં ચાલી રહ્યું છે. ત્યારે આ સેવાયજ્ઞમાં લોકો દિલથી દાન આપી રહ્યાં છે. ત્યારે અમરેલીનાં જાણીતા તબીબ ડો. ચંદ્રેશ ખૂંટ ધ્વારા આજે આ સારહિ તપોવનનાં નિર્માણકાર્યમાં રૂા. ૫૧ હજારનું માતબર દાન આપેલ છે.

ડો. ચંદ્રેશ ખૂંટનું આર્થિક યોગદાન સારહિ આશ્રમનાં સુરેશભાઈ શેખવા તથા અશોકભાઈ જોગાણીએ સ્વીકાર્યુ હતું.



---

#### ૭ વર્ષ પહેલા સાદી ડોટ કોમથી પરિચીત થયેલ પરાગ સુથાર સાથે લગ્ન કર્યા હતા

## અમરેલી સ્ટેમ્પ ડયુટીમાં નાયબ કલેકટર તરીકે ફરજ બજાવતા પૂજાબેન જોટાણીયાને પતિનો ત્રાસ

### પતિ આત્મહત્યા કરી લેવાની ધમકી આપીને ત્રાસ આપતા હોય ફરિયાદ

અમરેલી, તા. ૨૫

અમરેલીનાં સ્ટેમ્પડયુટી વિભાગનાં નાયબ કલેકટર પ્રજાબેન જોટાણીયાને તેમનો પતિ – પરાગ પંકજકુમાર સુથાર (મેવાડા) વિરૂધ્ધ મહિલા પોલીસ સ્ટેશનામાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવેલ છે કે, આજથી આશરે સાતેક વર્ષ પહેલા મે સાદી ડોટ કોમ નામની વેબસાઈટ પરથી મે તથા પરાગ પંકજકુમાર સુથાર (મેવાડ) પરીવારની સહમતીથી તા.૨૪/૧/૨૦૧૮૭ ના રોજ મેરેજ કરેલ હતા અને ત્યારબાદ હું જી.પી.એસ.સી.ની તૈયારી અને સગાઈ થયેલ ત્યારે થયેલ વાતચીતમાં પણ પોતાનાં ધંધા / બીઝનેસની અધુરી માહિતી આપેલ અને પોતાનાં ઉપર દેણું હોવાની વાત છુપાયેલ હતી અને અમારા લગ્ન બાદ થોડા દિવસ અમારો ઘર સંસાર સારી રીતે ચાલેલ હતો. અને અમારા તારી નોકરીની જરૂરીયાત નથી તેવું સંભળાવતા હતા. ત્યારબાદ જી.પી.એસ.સી. પરીક્ષા કલીયર કરતા હું ટ્રેનીંગમાં હોય ત્યારે મારા પતિ અવાર–નવાર મારા ચારીત્ર્ય બાબતે શંકા કુશંકા કરતા હોય અને મને માનસીક રીતે હેરાન કરવાનું ચાલુ કરેલ હતું. જેથી અમારે બન્નેને મનમેળ રહેલ નથી. અને મારા પતિ ફાયનાન્સનું કામ કરે છે. તેવું કહેતા હતા આ ઉપરાંત સગાઈ થયેલ ત્યારે થયેલ વાતચીતમાં પણ પોતાનાં ધંધા / બીઝનેશની અધુરી માહીતી આપેલ અને પોતાનાં ઉપર દેણું હોવાની વાત છુપાવેલ હતી. અને અમારા લગ્ન બાદ થોડા દિવસ અમારો ઘર સંસાર સારી રીતે ચાલેલ હતો. અને અમારા લગ્ન બાદ મને આ બાબતેની જાણ થતા અમારા બન્ને વચ્ચે ઝઘડો થવા લાગેલ અને સીધી અને આડકતરી રીતે અમારે તારી નોકરીની જરૂરીયાત નથી તેવું સંભળાવતા હતા. ત્યારબાદ જી.પી.એસ.સી. પરીક્ષા કલીયર કરતા હું ટ્રેનીંગમાં હોય ત્યારે મરા પતિ અવાર–નવાર મારા ચારીત્ર્ય બાબતે શંકા કુશંકા કરતા હોય અને મને માનસીક રીતે હેરાન કરવાનું ચાલુ કરેલ હતું. જેથી અમારે બન્નેને મનમેળ રહેલ નહી અને મારા પતિનાં ખાતામાં કટકે કટકે આશરે ૫ લાખ રૂપિયા ટ્રાન્સફર કરેલ અને હજુ મારા પતિ પોતાની મનમાની ચાલવતા અમારી ઓફીશયલ ડયુટીમાં વિક્ષેપ થાય એ રીતે અવાર–નવાર મને ફોનને માનસીક રીતે ત્રાસ આપતા હતા. અને મે તેઓને દેવુ ભરવા માટે પણ મારા પતિનાં ખાતામાં કટકે કટકે આશરે ૫ લાખ રૂપિયા ટ્રાન્સફર કરેલ અને હજુ મારા પતિ પોતાની મનમાની ચાલવા અમારી ઓફીશયલ ડયુટીમાં વિક્ષેપ થાય એ રીતે અવાર–નવાર મને ફોન કરીને અમરેલી તથા જુનાગઢ કલેકટરને આવેદન પત્ર આપવાની, બેઈજજત કરવાની, કલેકટરમાં, કોર્ટમાં અરજી કરવાની ધમકી આપેલ છે. તેમજ કલેકટર અમરેલી, પ્રાંત અધિકારી, ધારી, પ્રાંત અધિકારી રાજુલા, તથા મામલતદાર ધારીને ફોન કરીને પતિ – પત્નીની લગત કૌટુંબીક / પારીવારીક બાબતો તથા અમારા પતિ – પત્નીનાં પ્રશ્નો સહકર્મીઓને રજુ કરી મારી માનહાનિ થાય તેવું તેમજ મારા સહકર્મીને ફોન કરીને ચારીત્ર્ય બાબતે શંકાનાં આક્ષેપ કરે છે. અમો તેમને કાંઈ હેરાનગતિ, અપમાન, કે હાનિ ના કરી હોય ઉપરાંત ૫ લાખ રૂપિયાની મદદ કરી હોવા છતાં પણ પોતે આત્મહત્યા કરી લેશે અને મારૂ નામ તથા મારા માતા પિતાનું નામ લખાવી ખોટા કેસમાં ફીટ કરી દેવાની ધમકી આપી મને ખોટી રીતે માનસીક ત્રાસ આપે છે. અને મને ખોટી રીતે હેરાન પરેશાન કરે છે. અને મને આ મારા પતિ કંઈ કારણ વગર ખોટી રીતે ચારીત્ર્ય બાબતે ખોટી શંકા વ્હેમ કરે છે. અને અગાઉ હું રાજકોટ ખાતે નોકરી કરતી તે વખતે રાજકોટ ખોત મારા પતિ સમાધાન કરવા આવેલ હતા. પરંતુ તેઓ ઉશ્કેરાઈ જઈ મને તથા મારા માતા–પિતાને ધમકી આપેલ હતી. અને આ બાબતે મારા સાસુ સસરાએ પણ મારા પતિને મને હેરાન નહી કરવા સમજાવેલ પરંતુ સમજેલ નહી મારા સાસુ સસરા પ્રત્યે મને કોઈ રાગદ્રેશ નથી મારા પતિ મારા સહકર્મીઓ જોડે પણ અસભ્ય ભાષામાં ટેલિફોનીક વાત કરી ફરજનાં સ્થળે મારી માનહાનિ થાય તેવું વર્તન કરેલ છે. અને મારા પતિએ મારા કૌટુંબીકભાઈ પરેશભાઈ લાઠીયા સોથ અસભ્ય વર્તન કરી ધમકી આપેલ હતી. જેનાં કારણે અમારૂ સમાધાન કરવા કોઈ મધ્યસ્થી પણ થતુ નથી.આ મારા પતિનાં માનસીક ત્રાસનાં કારણે અમો હતાશામાં જતા રહીએ છીએ અને સહકર્મીને અમો ખોવાય ગયેલ છીએ. હું હેબીયર્સ કોપર્સ કરીશ તેવા પાયાવિહી મેસેજ કરે છે. તેમજ વોટસએપમાં મહાવ્યા કરવાની ધમકી પણ આપી મને ખોટી રીતે હેરાન પરેશાન કરી મને શારીરીક ત્રાસ આપે છે. આ અંગે અમોએ સમાધાન કરવાનો પ્રયત્ન કરતાં, છુટાછેડા માટે ૫૦ લાખ રૂપિયા આપવા પડશે તેવું જણાવેલ. અમોએ કયારેય મારા પતિને કોઈ ત્રાસ આપેલ નથી. પરંતુ અમારાથી શકય તેટલી આર્થિક મદદ કરેલ છે. અને કોઈ બાબત માટે તેમની સ્વતંત્રતા ઉપર કાપ થાય તેવું દબાણ કરેલ નથી. તેમ છતાં પણ અમોને કોઈ કારણ વગર આત્મધાતની ધમકી આપી અમોને નીમીત બનાવી માત્ર હેરાન કરવાનો ઈરાદો ધરાવે છે.

તો આ મારા પતિ અને ખોટી રીતે માનસીક ત્રાસ આપતા હોય અને મારી પાસે છુટાછેડા કરવાનાં વતતરનાં ૫૦ લાખ રૂપિયા પીયાની માંગણી કરતા હોય અને મને તથા મારા કૌટુંબીક ભાઈને, મારા માતા–પિતાને, ધમકી આપી અસભ્ય ભાષામાં વાત કરેલ હોય તો તેના સામે ધોરણસર કરવા અંતમાં જણાવેલ છે.





**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે. કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફિકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ – ૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી – ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

**મહાકાલી જયોતિષ**

જયોતિષ વિદ્યાનો ચમત્કાર LOVE GURU

- ૧૦૦% ચેલેન્જથી કામ
- હસ્તરેખા, લગ્નમાં વિલંબ
- લવ પ્રોબ્લમ, લવ મેરેજ, આકર્ષણ પ્રયોગ
- મેલી વસ્તુ મુકિત, ગ્રહકલેશ
- નોકરીમાં પ્રમોશન, લક્ષ્મીબંધન
- ગુપ્ત ધનનાં ખાસ જાણકાર
- એક તરફી પ્રેમ, પ્રેમીપ્રેમીકા વશ
- પ્રેમમાં દગો, ધારેલી વ્યકિતનું મિલન
- મહામોહીની ઈચ્છાધારી વશીકરણ
- શત્રુનાશ, છુટાછેડા, સૌતન મુકિત

મારે ત્યાંથી નીરાશ થશો નહીં

જીવનનાં કોઈપણ કાર્યનાં નિવારણ માટે ભાઈઓ-બહેનો વિશ્વાસથી મળો

૯૭૩૭૩ ૩૦૭૯૮

વાત ગુપ્ત રહેશે – ઘરબેઠા સચોટ કામ










"કોમર્સ એટલે એકલવ્ય અને એકલવ્ય એટલે કોમર્સ"

**એકલવ્ય કોમર્સ**

ડિઝીટલ કોમર્સ | 100% કોમર્સ

ધોરણ 11 - 12 કોમર્સ ગુજરાતી માધ્યમ

અમરેલી જીલ્લામા સૌ પ્રથમ સ્માર્ટ બોર્ડ દ્વારા એજ્યુકેશન આપતી એક માત્ર કોમર્સ સ્કુલ

મર્યાદિત જ એડમિશન બાકી હોય તાત્કાલિક સંપર્ક કરો.

લાઠી રોડ, કાર વર્લ્ડની પાછળ, નારાયણ નગર અમરેલી - 365601

Mo.9106634426 / 9979449649

### ૬૦ વિદ્યાર્થીઓને A1 ગ્રેડ

# સુરત : ગજેરા ગૃપ ઓફ સ્કૂલનું ધો.૧૦નું ૯૩.૩૯ ટકા પરિણામ

## મેનેજિંગ ટ્રસ્ટી ચુનીભાઈ ગજેરાએ શુભેચ્છા પાઠવી

સુરત, તા. ૨૫

સુરત શહેરની નામાંકિત શાળા ગજેરા ગૃપ ઓફ સ્કૂલનું ધો.૧૦ની જાહેર પરીક્ષાનું ૯૩.૩૯% ઝળહળતું પરિણામ આવ્યું છે. શાળાઓમાંથી ૬૦ વિદ્યાર્થીઓએ એ૧ ગ્રેડ પ્રાપ્ત કર્યોળ છે. જેમાં ગજેરા કાવ્ય ભાવેશકુમારએ ૬૦૦માંથી ૫૭૬ ગુણ, ૯૯.૯૭ પી.આર. અને વરસાણી મન નિલેશભાઈએ ૬૦૦માંથી ૫૭૫ ગુણ, ૯૯.૯૭ પી.આર. સાથે સ્કૂલ ટોપર્સ રહ્યાં છે. ૨૬૨ વિદ્યાર્થીઓએ એ૨ ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. આમ શાળાનાં કુલ ૩૨૨ બાળકો ૮૦% કરતાં વધારે ગુણ મેળવી ઉતીર્ણ થયા છે. વિદ્યાર્થીનીઓની આ સિધ્ધી બદલ શાળાના મે.ટ્રસ્ટી ચુનીભાઈ ગજેરા અને કુ. કિંજલ ચુનીભાઈ ગજેરાએ તમામ બાળકો, વાલી તથા શાળાકીય સ્ટાફને અભિનંદન પાઠવ્યા છે.




### જિલ્લા ભાજપ મહામંત્રીનાં અધ્યક્ષ સ્થાને

# અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે તાલુકા ભાજપની કારોબારી બેઠક યોજાઈ

## જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ સુરેશભાઈ પાનસુરીયા પણ

અમરેલી, તા. ૨૫

અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે જિલ્લા ભાજપ મહામંત્રી મેહુલભાઈ ધોરાજીયાના અધ્યક્ષ સ્થાને અમરેલી તાલુકા ભાજપ કારોબારી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ બેઠકમાં અમરેલી તાલુકા ભાજપના પ્રભારી અને જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ સુરેશભાઈ પાનસુરીયા તથા તાલુકા ભાજપ પ્રમુખ ઘનશ્યામભાઈ ત્રાપસીયા, તાલુકા ભાજપ મહામંત્રી કાળુભાઈ વાળા, તાલુકા ભાજપ ટીમ, જિલ્લા પંચાયત સામાજીક ન્યાય સમિતિના ચેરમેન મુકેશભાઈ બગડા તથા જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના સદસ્યો, સહિત વિવિધ મોરચાના આગેવાનો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.



# શેઢાવદરના સરપંચે ગામના પ્રશ્નોને લઇને મંત્રી પાનશેરિયા સાથે મુલાકાત કરી

લીલીયા, તા. ૨૫

લીલિયા તાલુકાના શેઢાવદર ગામના સરપંચ ગોવિંદભાઈ કાનાણી તેમજ વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને સાથે લઈને ગાંધીનગર ખાતે શિક્ષણ રાજય મંત્રી પ્રફુલભાઈ પાનશેરિયા સાથે મુલાકાત કરી વિવિધ પ્રશ્નો જેવા કે પુર સંરક્ષણ દીવાલ, પાણીની ઊંચી ટાંકી, બસ સ્ટેન્ડ ગામમાં સીસી રોડ જેવા વિવિધ પ્રશ્નોની રજૂઆત કરવામાં આવેલ ત્યારે પ્રફુલભાઈ દ્વારા શકય મદદ કરવાની ખાત્રી આપવામાં આવેલ.


આ તકે શેઢાવદર ગામના ઉપસરપંચ નિલેશભાઈ વિછીયા, ગ્રામ પંચાયત સદસ્યો નિકુંજભાઈ પાનસેરીયા, કમલેશભાઈ બાંભણિયા, ભાવેશભાઈ પાનસુરીયા, જયસુખભાઈ મોઢવાડિયા, માંરકુનભાઈ પીપળીયા, દિલીપભાઈ ગોસ્વામી સહિતના આગેવાનો ઉપસ્થિત રહેલ.



### ધોમધખતા તાપમાં અધિકારી ખડેપગે

# બાબરામાં પીજીવીસીએલ દ્વારા પ્રિ-મોન્સુનની કામગીરી કરાઈ

## ચોમાસા પહેલા તારને અડતી ડાળીઓ દૂર કરાઈ



બાબરા, તા. ૨૫

બાબરા પીજીવીસીએલ દ્વારા પ્રિમોન્સૂનની કામગીરી શરૂ કરવામાં આવી. ચોમાસું નજીક હોઈ તેને લઈને કરવામાં આવી કામગીરી. શહેરનાં મોટા ભાગના વિસ્તારોમાં વીજપોલનાં તારને અડચણ રૂપ થતી વૃક્ષોની ડાળીઓને કાપીને દુર કરવામાં આવી.

બાબરા પીજીવીસીએલ દ્વારા જણાવ્યું હતું કે ગુરૂવારના રોજ શહેરમાં વીજ કાપ હોય તેને લઈને આજના દિવસે પ્રિમોન્સૂન કામગીરી શરૂ કરવામાં આવી છે. હાલ ઉનાળાનાં દિવસો ચાલી રહ્યા હોય લોકોને ગરમીમાં હેરાન ન થવું પડે એવું ધ્યાનમાં રાખીને ફૂલ ઝડપે આ કામગીરી કરી રહ્યા છીએ. અને આગામી દિવસોમાં ચોમાસુ આવી રહ્યું છે ત્યારે લોકો હેરાન નો થાય એને ધ્યાનમાં રાખીને કામગીરી હાથ ધરવામાં આવી છે. વરસાદ અને ભારે પવનના હિસાબે વીજ લાઈનનાં તાર વૃક્ષોની ડાળી સાથે સ્પર્શ ન થાય તેને લઈને નાની-નાની નડતરરૂપ વૃક્ષની ડાળીઓ પણ કાપવામાં આવી રહી છે. શહેરમાં મોટ ભાગનું કામ પૂર્ણ કરી દેવામાં આવ્યું છે.

### નેશનલ મિશન ઓન ઓઈલસીડ અને ઓઈલપામ પ્રોજેક્ટ અંતર્ગત

# અમરેલીનાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે ઈનપુટ વિતરણ અને માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું

અમરેલી,તા.૨૫

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી સંચાલિ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,અમરેલી દ્વારા NMOOP (નેશનલ મિશન ઓન ઓઈલસીડ અને ઓઈલપામ) પ્રોજેકટ અંતર્ગત જુનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા સંશોધિત મગફળીની જીજેજી – ૩૨ જાતનાં ફિલ્ડ નિદર્શન અને માર્ગદર્શન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિક એન.એમ. કાછડીયાએ આ કાર્યક્રમ અંતર્ગત મગફળીની જીજેજી – ૩૨ જાત વિશે તેમજ મગફળીમાં આવતા રોગ – જીવાત નિયંત્રણ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અમરેલીના વૈજ્ઞાનિક ડો. નેહા તિવારી, વી. એસ. પરમાર પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ અંતર્ગત ૫૦ જેટલા ખેડૂત ભાઈઓએ ભાગ લીધો હતો અને વિષયને લગતી વિસ્તૃત માહિતી મેળવી હતી.

# સેન્સેક્સમાં ૯૯, નિફ્ટીમાં ૩૬ પોઈન્ટનો વધારો થયો

મુંબઈ, તા.૨૫

કન્ઝ્યુમર ગુડ્સ અને રિયલ્ટી શેરોની આગેવાની હેઠળ, ભારતીય સ્થાનિક શેરબજાર સુસ્ત રિકવરી પછી ગુરુવારે બંધ થયું. આગલા દિવસે બંધ થયેલો સેન્સેક્સ ગુરુવારે ૯૯ પોઈન્ટ ચઢ્યો હતો અને નિફ્ટી ૧૮,૩૦૦ની ઉપર બંધ થયો હતો. એરટેલ, અદાણી એન્ટરપ્રાઈઝના શેરમાં ૩%નો વધારો નોંધાયો હતો. તે જ સમયે, ટ્રાઈડેન્ટ, ભારત ડાયનેમિક્સ, વિપ્રો, ટાટા મોટર્સના શેરમાં ઘટાડો થયો હતો. તે જ સમયે, રિયલ્ટી શેર ૧% કરતા વધુ વધ્યા હતા અને તે ટોચના ક્ષેત્રીય લાભકર્તા હતા.

મે એકસપાયરીના દિવસે શેરબજારમાં શોર્ટ કવરિંગ જોવા મળ્યું હતું. ભારતીય સ્થાનિક શેરબજાર દિવસભર સુસ્ત રહ્યા બાદ સાંજે ઊંચા સ્તરે બંધ થયું હતું. સેન્સેક્સ ૯૮.૮૪ પોઈન્ટ અથવા ૦.૧૬%ના વધારા સાથે ૬૧,૮૭૨.૬૨ પર બંધ થયો. એ જ રીતે, નિફ્ટીએ ૩૫.૭૫ પોઈન્ટ અથવા ૦.૨૦%નો વધારો નોંધાવ્યો અને ૧૮,૩૨૧.૧૫ પર બંધ થયો. સેન્સેક્સના ૩૦ શેરના સંવેદનશીલ સૂચકાંકના ૧૬ શેર લીલા નિશાન સાથે બંધ થયા હતા, જ્યારે ૧૪ શેર લાલ નિશાને બંધ થયા હતા. ફાસ્ટ મૂવિંગ કન્ઝ્યુમર ગુડ્સ (એફએમસીજી) ફર્મ આઈટીસીલિમિટેડ લગભગ ૨% ઉછળ્યો. જ્યારે ટાટા મોટર્સ લિમિટેડનો શેર ૧ ટકા ઘટ્યો હતો. જ્યારે, ઓઈલ ઈન્ડિયા લિમિટેડ ૩% થી વધુ ઘટ્યો હતો.

### ફ્રીલાન્સ પત્રકાર પ્રતાપભાઈ ખુમાણ દ્વારા

# સા.કુંડલામાં ઈમરજન્સી સારવાર કરનાર પાંચ આરોગ્ય કર્મચારીઓને રૂપિયા ૨૫ હજારનું ઈનામ

## પૂ. મોરારિબાપુનાં વરદ્‌હસ્તે ચેક અર્પણ થયો



સાવરકુંડલા, તા. ૨૫

સાવરકુંડલા સ્થિત સૂર્યોદય કેળવણી અને સાંસ્કૃતિક ટ્રસ્ટનાં મેનેજિંગ ટ્રસ્ટી, ફ્રી લાન્સ પત્રકાર પ્રતાપભાઈ ખુમાણને અકસ્માતે રાત્રે ગંભીર ઈજા થતાં, તાત્કાલિક સારવાર મેળવવા, ખાનગી તથા સરકારી સિવિલ હોસ્પિટલમાં દોડી ગયા પરંતુ સારવાર મળી નહિ, ત્યારે વાગેલા ઘામાંથી ખૂબ જ મોટા પ્રમાણમાં લોહી વહી જતાં, ધીમે ધીમે તબિયત ગંભીર બનતી જતી હતી. આવા સમયે ખ્યાલ આવ્યો કે, વિદ્યાગુરૂ ફાઉન્ડેશન દ્વારા સંચાલિત શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર સાવરકુંડલામાં તમામ પ્રકારની ઈમરજન્સી સારવાર ૨૪×૭ સતત ચાલુ છે. પ્રતાપભાઈ રાત્રે લગભગ ૧૨ વાગ્યાનાં સુમારે ત્યાં પહોંચી ગયા અને ત્યાં ઓપરેશન થિયેટરમાં તમામ સ્ટાફ હાજર જ હતો. ડો.ચિરાગ પિપલોતર, ડો.રજનીશ ધારૈયા, ડો. લગધીર કામળીયા, વોર્ડ બોય અર્જુન નેપાળી, અનુભા ભાંભળા સહિતનાં એ તાબડતોબ સારવાર આપી, રકતસ્રાવ બંધ કરી, જોખમમાંથી પેશન્ટને મુકત કર્યા. ખાસ નોંધનીય બાબત એ છે કે, આ હોસ્પિટલ તો તદ્દન નિશુલ્ક છે. અહી કોઈપણ સારવાર, દવા, ઓપરેશન, ડાયાલિસિસ, કેન્સર માટે કીમોથેરાપી, એકસરે, લેબ ટેસ્ટ, ફિજીયોથેરાપી જેવી તમામ મેડિકલ સુવિધા તદ્દન ફ્રી છે, અરે કેશ (રોકડ) બારી જ નથી, એટલે આ સ્ટાફને તો જે ફિકસ પગાર મળતો હોય તે સિવાય કોઈ આશા કે અપેક્ષા ન હોય, છતાં એક પ્રોફેશનલ ડોકટરની જેમ સારવાર આપી. જેનાંથી પ્રતાપભાઈએ મનમાં સંકલ્પ કર્યો કે, આ પાંચેય કર્મચારીઓનું ઋણ ચૂકવવું. સામાન્ય રીતે વર્ષો જુની એક ઉકિત છે કે, ખાચર, ખુમાણ અને વાળા આ ત્રણ મુખ્ય કાઠી ક્ષત્રિય ભાઈઓ કહેવાય છે, જેમા ખાચરની ભકિત, ખુમાણની દાતારી અને વાળાની વિરતા વખણાય છે ત્યારે હવે આ સંસ્થાના નિયમ મુજબ કોઈ કર્મચારીને રોકડ કે ગિફટ આપી શકાય નહીં. એટલે પ્રતાપભાઈ એ પાંચેય કર્મચારી દીઠ રૂા. ૫૦૦૦/- એટલે કે કુલ રૂા. ૨૫૦૦૦/- ડોનેશનનો ચેક પૂ. મોરારિબાપુનાં હસ્તે સંસ્થાના પ્રમુખ હરેશ મહેતા અને દિવ્યકાંત સૂચકને સોંપ્યો. પૂ. બાપુએ સમગ્ર ઘટના સાંભળી ખૂબજ રાજીપો વ્યકત કર્યો. આ સમાચાર પાંચેય કર્મચારીઓને મળતા જ તેમનો ઉત્સાહ બેવડાઈ ગયો.

### જિલ્લા કન્વીનર તરીકે સામાજિક અગ્રણી રાજેશ માંગરોળીયા

# અમરેલી : પટેલ સમાજનાં શૈક્ષણિક ઉત્થાન માટે કાર્યરત સરદારધામની જિલ્લા ટીમની વરણી

## સહકન્વીનર દિવ્યેશ વેકરિયા સહિતનાં યુવાઓની વરણી



અમરેલી, તા. ૨૫

સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણના મુદ્રાલેખ સાથે કામ કરતી સરદારધામ સંસ્થા અનેક લોકો અને સમાજ માટે પ્રેરણારૂપ છે. સરદાર ધામ આજે શિક્ષણનું ધામ બન્યું છે. ગુજરાતના અનેક જિલ્લાઓમાં સંસ્થાના સંકુલો તૈયાર થઈ રહ્યા છે.

સંગઠિત સમાજ દ્વારા રાષ્ટ્ર નિર્માણમાં કઈ રીતે સહભાગી બની શકાય તેનું ઉત્તમ ઉદાહરણ સરદાર ધામ છે. યુવાઓને યોગ્ય દિશા આપીને ઘડતર માટે પ્લેટફોર્મ પુરૂ પાડવું તો ઉદ્યમી, વ્યવસાયિક સાહસિકો માટે ઈન્ટરનેશનલ લેવલનું એકઝીબિશન અને એક્સ્પો પણ સરદાર ધામ દ્વારા કરવામાં આવે છે.

પ્રમુખ સેવક ગગજીભાઈ સુતરિયાના વડપણ હેઠળ કાર્યરત સરદારધામની અમરેલી જિલ્લાની ટીમની જાહેરાત આજરોજ કરવામાં આવી છે. જેમાં જિલ્લા કન્વીનર તરીકે સામજિક અગ્રણી રાજેશભાઈ માંગરોળીયા અને સહકન્વીનર તરીકે સંજયભાઈ માલવિયા, પ્રહલાદભાઈ વામજા, હસમુખભાઈ પટેલ અને દિવ્યેશ વેકરિયાની વરણી કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે જિલ્લા યુવા તેજ કન્વીનર તરીકે ધર્મેશ વીસાવળિયા અને સહ કન્વીનર તરીકે રજનીકાંત બોરસાણીયા, મનીષ દેસાઈની નિમણુક કરવામાં આવી. ઉલ્લેખનીય છે કે અમરેલી જિલ્લા જીપીબીઓ કન્વીનર તરીકે શ્રી રાકેશ નાકરાણી અને સહ કન્વીનર તરીકે ભુપતભાઈ સાવલિયાની નિમણુક કરવામાં આવી છે.

આગામી સમયમાં તાલુકા કક્ષાએ ગ્રામ્ય સ્તરની સમિતિની રચના કરવી અને સરદારધામના પ્રકલપોને છેવાડાના ગામ સુધી પહોંચાડવાના પ્રયાસ કરવામાં આવશે.

# સા.કુંડલા ખાતે "યુવા સંવાદ" કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન



સાવરકુંડલા વ્યાયામ મંદિર ખાતે સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજય યુવા બોર્ડ દ્વારા આયોજિત યુવા સંવાદ કાર્યક્રમ સાંસદ નારણભાઈ કાછડીયા, સાવરકુંડલા – લીલીયા વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજય યુવા બોર્ડ ગીર સોમનાથ તેમજ અમરેલી જિલ્લાના ઝોન સંયોજક નેહલભાઈ રામાણી (ગટુભાઈ), સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પી.આઈ મોરી, સાવરકુંડલા શહેર ભાજપના ઉપાધ્યક્ષ શરદભાઈ પંડયા, ગુજરાત યુવા સંવાદના મુખ્ય વકતા વિનુભાઈ રાવળ, સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડના ચેરમેન દીપકભાઈ માલાણી, સાવરકુંડલા શહેર ભાજપ પ્રમુખ પ્રવીણભાઈ સાવજ, સાવરકુંડલા તાલુકા ભાજપના પ્રમુખ જીવણભાઈ વેકરીયાની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ તકે યુવાન મિત્રો તેમજ વિદ્યાર્થીઓ ખૂબ જ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટેની જહેમત સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજય યુવા બોર્ડના સંયોજક નિરજભાઈ ત્રિવેદી, રવિભાઈ મહેતા, ગિરિશભાઈ નાંદોલિયા, ગૌતમભાઈ વાઘે લીધી હતી.

### વ્હેલી સવારે બનેલ ઘટનાથી દોડાદોડી મચી

# અમરેલી ખાતે આવેલ એક હોટેલમાં આકસ્મિક આગથી દોડધામ

### ૨૦ વ્યકિતઓને સલામત રીતે બહાર કઢાયા



અમરેલી, તા. ૨૫

અમરેલી શહેરની મધ્યમાં લીલીયા રોડ ઉપર આવેલ એક હોટલમાં આજે વહેલી સવારે કોઈ કારણોસર ભયાનક આગ લાગવાની ઘટના બની હતી. આગ લાગવા કારણે હોટલના રૂમોની અંદર ૨૦ જેટલા માણસો ફસાયા હોય, તમામ લોકોનું રેસ્કયુ કરવામાં આવ્યું હતું તથા આગ પર સંપૂર્ણપણે કાબુ મેળવ્યો હતો. સદનસીબે આ આગની દુર્ઘટનામાં કોઈ જાનહાની થવા પામેલ નથી.

અમરેલી શહેરની મધ્યમાં લીલીયા રોડ ઉપર આવેલ નેપ્ચ્યુન ઈન હોટલ ખાતે આજે વહેલી સવારે કોઈ કારણોસર ભયાનક આગ લાગવાની ઘટના બની હતી. આગ લાગવા કારણે હોટલના રૂમોની અંદર ૨૦ જેટલા માણસો ફસાયા હોય, આ બનાવ અંગે અમરેલીનાં ફાયર કંટ્રોલ રૂમ ખાતે ટેલિફોનિક જાણ કરવામાં આવતાની સાથે જ ફાયર ઓફિસર એચ. સી. ગઢવીની રાહબારી હેઠળ સંપૂર્ણ સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળ પર દોડી ગયો હતો અને ફાયર વિભાગના અત્યાધુનિક સાધનોના ઉપયોગ કરી ૧૦ મીટરની ઊંચાઈએથી આગનાં કારણે હોટલમાં ફસાયેલા ૨૦ માણસોના રેસ્ક્યુ કરવામાં આવ્યા. તથા આગ પર સંપૂર્ણપણે કાબુ મેળવ્યો હતો. સદનસીબે આ આગની દુર્ઘટનામાં કોઈ જાનહાની થવા પામેલ નથી. તેમ અમરેલી ફાયર વિભાગ દ્વારા જણાવાયું છે.

### વેરાવળમાં આરોપીને ઝડપવા ગયેલ પોલીસ કર્મી પર પથ્થર મારો




ઉના, તા.૨૫

વેરાવળ શહેર પોલીસનાં કર્મચારીઓ પેટ્રોલિંગમાં હતા. દરમિયાન તેમને વોન્ટેડ આરોપીની માહિતી મળી હતી. માહિતી મળતા જ પોલીસ કર્મચારીઓ વાહન ચોરીનાં ગુનામાં ફરાર આરોપીને શોધખોળમાં બાતમી મુજબ ગતરોજ બુધવારની રાત્રિએ કોલસાવાડી વિસ્તારમાં પહોંચ્યા હતા. સ્થળ પર પહોંચેલા પોલીસકર્મીઓએ આસપાસનાં લોકોની પુછપરછ કરતા લોકો ઉશ્કેરાઈ ગયા હતા. અને પોલીસને અહીં કેમ આવ્યા છો તેમ કહી ઝઘડો કરવા લાગ્યા હતા.

માથાકૂટ કરવા લાગેલા લોકોએ પોલીસ કર્મી સાથ્થે ઝપાઝપી કરવા લાગતા પોલીસકર્મીઓ પણ મુશ્કેલીમાં મુકાયા હતા. હુમલો કરી રહેલા વ્યકિતઓને રોકવાને પ્રયાસ કરતા આરોપીઓએ પથ્થરમારો શરૂ કર્યો હતો. આ ઘર્ષણની ઘટનામાં પોલીસકર્મી ભાવસિંહભાઈ હરસીભાઈ ઈજાગ્રસ્ત થતા તેમને તાત્કાલીક સારવાર માટે ખસેડવામાં આવ્યા હત.ા બાદમાં ઈજાગ્રસ્ત પોલીસકર્મી ભાવસિંહભાઈએ ૧૪ જેટલા હુમલાખોર શખ્સો વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે આ મામલાને ગંભીરતાથી લઈ આરોપીઓની શોધખોળ શરૂ કરી હતી. જે બાદ ગણતરીનાં કલાકોમાં ૫ જેટલા આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવી હતી. જયારે અન્ય આરોપીને ઝડપી લેવા ચક્રોગતિમાન કર્યો છે.

### આમ નહીં તો તેમ આખરે રાહત મળી ખરી

# ગુજરાત ગેસ કંપનીએ ઇન્ડસ્ટ્રિયલ ગેસની કિંમતોમાં કર્યો ઘટાડો

### આ ઘટાડો ૧ જૂનથી લાગુ પડશે, કંપનીએ ઈન્ડસ્ટ્રિયલ ગેસની કિંમતો ઘટાડીને ૩૮.૪૩/SCM કરી દીધી છે

અમદાવાદ, તા.૨૫

ગુજરાત ગેસ દ્વારા પોતાના ઈન્ડસ્ટ્રિયલ ગેસની કિંમતોમાં ઘટાડો કરવામાં આવ્યો છે. આ ઘટાડો ૧ જૂનથી લાગુ પડશે. સૂત્રો અનુસાર કંપનીએ ઈન્ડસ્ટ્રિયલ ગેસની કિંમતો ઘટાડીને **38.43/SCM** કરી દીધી છે.

હાલમાં ઈન્ડસ્ટ્રિયલ ગેસની કિંમતો **40.62/SCM** છે. ૨૦૨૩માં ગુજરાત ગેસ દ્વારા આ પાંચમીવાર કિંમતોમાં ઘટાડો કરવામાં આવ્યો છે. ૨૦૨૩ની શરુઆતમાં ગુજરાત ગેસના ઈન્ડસ્ટ્રિયલ ગેસની કિંમતો **47.93/SCM** હતી. આ કિંમતો ઘટાડવાની સાથે એવું કહેવામાં આવ્યું છે કે **LNG** ની કિંમતોમાં આવેલા ઘટાડાને કારણે તેનો ફાયદો ગ્રાહકો સુધી પહોંચાડવામાં માટે ગેસની કિંમતો માટે ઘટાડો કરવામાં આવ્યો છે. આ પહેલા એપ્રિલમાં ગુજરાત ગેસ દ્વારા ઈન્ડસ્ટ્રિયલ સેગમેન્ટમાં ઉપયોગ થવાવાળા નેચરલ ગેસના ભાવમાં ઘટાડો કરવામાં આવ્યો હતો.

કંપનીએ ૧ મેથી કિંમતોમાં ૫ રુપિયાથી વધુનો ઘટાડો કર્યો હતો. આ પહેલા **GPSC** સમૂહની ગુજરાત ગેસ દ્વારા કોમર્શિયલ **PNG**ની કિંમતોમાં ફેબ્રુઆરી મહિનામાં વધારો કર્યો હતો. ત્યારે પીએનજીની કિંમતો ૧.૫ રુપિયા પ્રતિ **SCM** વધારીને ૪૯.૫ રુપિયા કરવામાં આવી હતી. ગુજરાત ગેસ કંપનીએ તાજેતરમાં ૨૦૨૩ના ક્વાર્ટર ચારના પરિણામ જાહેર કર્યા હતા. જેમાં તેણે નફામાં ૧૬ ટકાનો ઘટાડો દર્શાવ્યો હતો. આ ત્રિમાસિક ગાળા દરમિયાન કંપનીનો નફો રુ.૩૬૯ કરોડ કર્યો હતો. જે ગત વર્ષની સમાન અવધીમાં રુ. ૪૪૪ કરોડ હતો.

કંપનીના બોર્ડે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ના માટે શેરધારકોને રુપિયા ૨ની કિંમતના પ્રતિ ઈક્વિટી શેરે રુ. ૬.૬૫નું ડિવિડન્ડ જાહેર કર્યુ હતું. જાન્યુઆરી-માર્ચ ત્રિમાસિકગાળામાં કંપનીની આવક ૪,૦૭૩.૮૨ કરોડ રુપિયા રહી છે. જે એક વર્ષ પહેલાના સમયમાં ૪,૭૭૩.૩૭ રુપિયાની તુલનામાં ૧૪ ટકા સુધી ઘટી છે.

### મુસાફર વર્ગનાં હિતમાં મહત્વની કામગીરી

# ધારી અને બગસરા એસ.ટી.ડેપોને બબ્બે બસ ફાળવાતાં ખુશીનો માહોલ

### ધારાસભ્ય જે.વી. કાકડીયાએ બસનો કર્યો પ્રારંભ





ધારી, તા.૨૫

ધારી ડેપોમાં બે મીની બસ ધારી અમરેલી મેટ્રો અને ધારી રાજકોટ તેમજ બગસરા એસટી ડેપોને બે બસ ફાળવેલ જેથી લોકોને લાંબી મુસાફરીમા આરામ દાયક સગવડો ઉપલબ્ધ થાય એ માટે *ન્યુ બ્રાન્ડ સુવિધાઓ આજે ધારી બગસરા એસ.ટી. ડેપોને ફાળવતા* આજે પ્રસ્થાન કરાવતા ધારાસભ્ય જે વી કાકડીયા, મહંત શ્રીકાળીદાસ બાપુ રામદેવ આશ્રમ ખારીખીજડયા, જીતુભાઈ જોષી મ્રુગેશભાઈ કોટડીયા વિપુલભાઈ બુહા, ભુપતભાઈ વાળા, ખોડાભાઈ ભુવા,મધુબેન જોષી, રમેશભાઈ વાઘેલા, ચતુરભાઈ સરવૈયા, બાબાભાઈ વાળા, નિર્મળાબેન લુણગાતર, એસ એસ પરમાર, કેતનભાઈ સોની, ભરતભાઈ પરમાર, દિલિપભાઈ મહેતા, રમેશભાઈ બી. મકવાણા, દિનેશભાઈ બલદાણીયા, પ્રવિણભાઈ દાફડા, નાવેદભાઈ ચૌહાણ, ધનશ્યામભાઈ શાખ, જયદીપભાઈ મકવાણા તેમજ ધારી એસટી બસ વિભાગ ધારી ડેપો મેનેજર એમ એમ દાદુ, અધિકારી સોનલબેન, સિક્યુરિટી અધિકારી ડાભી, ભારાઈ, તેમજ સ્ટાફ કર્મચારીઓ હાજર રહ્યા હતા અને ધારાસભ્ય સ્વાગત સન્માન કરવામાં આવેલ હતું અને ચાર મીની બસોનુ કંકુ તિલક ચોખા છાટી ફુલહાર કરી શ્રીફળ વધેરી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવેલ હતુ અને સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ હતી સાથે ધારી ગામમા બસમાં મુસાફરી ધારી તાલુકા ભાજપ પરિવારએ કરી ખુશી વ્યક્ત કરી હતી

# ખડસલી ગામે પાણી પુરવઠા તંત્રનું ઓરમાયું વર્તન...!!



સાવરકુંડલા, તા. ૨૫

સાવરકુંડલા તાલુકાના ખડસલી ગામના વાડી વિસ્તારમાંથી પસાર થતી નર્મદાની પાઈપલાઈન જે ઘણા સમયથી લીકેજ હોવાની અનેક વાર રજૂઆતો કરેલ હોવા છતાં પણ હજુ સુધી પાણી પુરવઠા વિભાગ દ્વારા કોઈ સકારાત્મક પગલા લેવામાં આવ્યા નથી.

પરિણામ સ્વરૂપ તંત્રના આવા બેદરકારીભર્યા વર્તનનો ભોગ મૂંગા જાનવર બનતા હોય છે. વાત જાણે એમ છે કે તારીખ ૨૪ના રોજ મનસુખભાઈ પોપટભાઈ મકવાણાની માલિકીની ભેંસ આ લીકેજ થતાં ખાડામાં પડી જવાથી ઈજાગ્રસ્ત થયેલ. આમ સરકારી તંત્રની બેદરકારીને કારણે તકલીફ મૂંગા જાનવરને પડતી હોય અને અવારનવાર પાણી વહેતું હોવાથી ખેડૂતોને પણ મુશ્કેલી વધતી જાય છે જેના કારણે રોજ અને ભૂંડનો ત્રાસ પણ ખેડૂતોએ ભોગવવો પડતો હોય છે. આ ભેંસને કાઢવા માટે ટ્રેકટરનો ઉપયોગ કરી ખેંચીને મહામહેનતે કાઢવામાં આવી હતી. આમ પાણી પુરવઠા બોર્ડના તંત્રની બેદરકારીને કારણે એક પરિવારને ભારે મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો હતો. તો સલંગ્ન તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે આ પાઈપલાઈન રીપેર થાય એવું આમ જનતા ઈચ્છે છે અને તો જ આવા અકસ્માતો થતાં અટકી શકે. એમ અનિરૂધ્ધ ત્રિવેદીની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

### જાહેર થયેલ પરિણામમાં ૯૪.૫૬ ટકા પરીક્ષાર્થીઓ પાસ

# અમરેલીનાં વિદ્યાસભાની સી.વી. ગજેરા માધ્યમિક શાળાની ધો.૧૦ ની પરીક્ષામાં અનેરી સિદ્ધિ

### સતત ૧૬માં વર્ષે ઉજ્જવળ પરિણામની પરંપરા જાળવી રાખી





અમરેલી, તા.૨૫

ડો.જીવરાજ મહેતા સંસ્થાપિત અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા માધ્યમિક શાળા, ગુજરાતી માધ્યમ અને શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સેકન્ડરી સ્કૂલ, અંગ્રેજી માધ્યમનું ૨૦૨૩માં સતત ૧૬માં વર્ષે ઉજ્જવળ પરિણામની પરંપરા જાળવી રાખી છે.


વિદ્યાસભા સ્કુલનું શ્રેષ્ઠ પરિણામ ૯૪.૫૬% મેળવેલ જયારે એસએસસી બોર્ડનું પરિણામ ૬૨.૧૧% અને અમરેલી જિલ્લાનું એસએસસીનું પરિણામ ૬૪.૩૦% આવેલ છે.

આ સંસ્થાનાં અનુભવી શિક્ષકોની ટીમ દ્વારા ઘનિષ્ઠ અભ્યાસ કરાવવામાં આવે છે. દુર દુર ગામડાનાં સામાન્ય પરિવારમાંથી આવતા વિદ્યાર્થીઓ શ્રેષ્ઠ શિક્ષણ મેળવે તે સંસ્થાનો ધ્યેય છે. તે માટે સંસ્થાનાં અનુભવી શિક્ષકોની ટીમ પ્રથમ દિવસથી જ ડેઈલી ટેસ્ટ, કવાર્ટરલી ટેસ્ટ વાર્ષિક પરિક્ષાનાં પેપર લખવાની પ્રેકટીશ સતત ચાલુ રાખે છે. વિદ્યાર્થીનાં શિક્ષણનાં કોઈપણ પ્રશ્નો માટે શિક્ષકો હંમેશા તત્પર રહે છે. જેના પરિણામ સ્વરૂપ આ સિદ્ધિ પ્રાપ્ત થાયેલ છે. ડિઝિટલ કલાસરૂમ, પ્રોજેકટથી શિક્ષણ કોમ્પ્યુટર લેબ, ડી.એન્ડ ટી. લેબ અને અટલ લેબથી શિક્ષણ આપવામાં આવે છે. સૌરાષ્ટ્રમાં સૌથી ઓછી ફીમાં શ્રેષ્ઠ ડિઝીટલ શિક્ષણ આપતી સંસ્થા એટલે વિદ્યાસભા સ્કુલ.

૧૦૫ એકરમાં પથરાયેલ વિશાળ કેમ્પસ, શ્રેષ્ઠ ઈન્ફ્રાટકચર સોથ હરિયાળા અને નયનરમ્ય વાતાવરણ વિદ્યાર્થીઓમાં આત્મ વિશ્વાસ ઉભો કરે છે. જિલ્લાની એકમાત્ર ડીએલએસએસ સ્કુલમાં મેદાની રમતો દ્વારા શારિરિક એન માનસિક સતત ધ્યાન આપવામાં આવે છે. રાજય અને રાષ્ટ્ર કક્ષાએ અનેક એવોર્ડ પ્રાપ્ત કરેલ છે. એકજ કેમ્પસમાં બાલમંદિરથી કોલેજ સુધીનું શિક્ષણ એન્જિનિરીંગ કોલેજ તથા નર્સિંગ કોલેજ તેમજ ઘરને પણ ભુલાવે તેવી નયનરમ્ય વાતાવરણમાં હોસ્ટેલ ભોજનાલય સુવિધા જેમાં ગર્લ્સ અને બોયઝ માટે હોસ્ટેલની અલગ–અલગ વ્યવસ્થા વગેરે આ સંસ્થામાં ઉપલબ્ધ છે. ચાલુ વર્ષે ગુજરાત સરકાર દ્વારા શ્રેષ્ઠ શાળાઓ એવોર્ડ આ સંસ્થાને મળેલ છે. જે અમરેલી જિલ્લા તથા વિદ્યાસભા શાળા પરિવાર માટે અત્યંત ગૌરવની બાબત છે. વાલીઓમાં અને વિદ્યાર્થીઓમાં વિશ્વાસનું પ્રતિક એટલે વિદ્યાસભા સ્કુલ..

સંસ્થાનાં અવલ પરિણામથી વાલીઓ, વિદ્યાર્થીઓ અને સ્ટાફ ગણમાં ખુશીનું મોજું ફરી વળ્યું છે. સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરા મંત્રી મનસુખભાઈ ધાનાણી એન મંત્રી ચતુરભાઈ ખુંટ, કેમ્પસ ડાયરેટર હસમુખભાઈ પટેલ તથા ડાયરેકટર વસંતભાઈ પેથાણી તથા આચાર્ય અને સ્ટાફગણે તમામ વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ પરિણામ મેળવવા બદલ એસએસસીનાં તમામ વિદ્યાર્થીઓને ખુબ ખુબ અભિનંદન સોથ શુભ કામનાં પાઠવી છે.

# ધારીનાં ઝર ગામનાં રામજી મંદિરનાં દર્શન કરતાં કેન્દ્રિય મંત્રી રૂપાલા અને દિલીપ સંઘાણી









તાજેતરમાં ગત માસની ૧૦ તારીખે ધારી તાલુકાના ઝર ગામે રામજી મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાનો કાર્યક્રમ લોક સંત પૂ. મોરારીબાપુની નિશ્રામાં યોજાયો હતો. આ કાર્યક્રમમાં કેન્દ્રીયમંત્રી પુરૂષોત્તમભાઈ રૂપાલા આવવાના હતા. પરંતુ તેઓને દિલ્હીમાં કેબીનેટની મિટીંગ આવી જતા તેઓ કાર્યક્રમમાં આવી શકયા ન હતા. પરંતુ તેઓએ જાણ કરી હતી કે આગામી દિવસોમાં હું અચૂક ઝર ગામે આવી ને ભગવાન રામના દર્શન કરીશ. જે અનુસંધાને આજે તેઓ ઝર ગામે આવીને રામજી મંદિરમાં દર્શન કરીને પૂજા આરતી કર્યા હતા.ઝર ગામે રામજી મંદિર બાંધવાનો સંકલ્પ કરીને ભવ્ય અને દિવ્ય રીતે પ્રાણ પ્રતિષ્ઠા કરીને સમાજને રામજી મંદિર સુપરત કરનારા લલિયા પરિવારના મોભી દાઉદભાઈ લલિયા તથા મંદિરના મુખ્ય દાંતા સંઘરાજકા પરિવાર દ્વારા કેન્દ્રીય મંત્રી પુરૂષોતમભાઈ રૂપાલા તથા સહકાર રત્ન ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીનું ઉષ્માભેર સ્વાગત કરીને તેમનું સન્માન કરાયું હતું. દાઉદભાઈ લલિયા અને પરિવાર દ્વારા કેસર કેરી અને વિવિધ વ્યંજનો દ્વારા મહેમાનોની મહેમાનગતિ માણવાનો લહાવો લઈને પરિવારે ખુશી વ્યકત કરી હતી.આ તકે મંત્રી રૂપાલા દાઉદભાઈને આવું સરસ સર્વધર્મ સમભાવને કેન્દ્રમાં રાખીને રામજી મંદિર બનાવ્યું તે બદલ અભિનંદન આપ્યા હતા. અને સમાજમાં આ એક ઉમદા સંદેશ જશે તેની પુષ્ટિ કરી હતી. દિલીપભાઈ સંઘાણી ૧૦ તારીખના કાર્યક્રમમાં ઉપસ્થિત હતા. તેથી તે ગરિમાપૂર્ણ કાર્યક્રમની સરાહના કરીને દાઉદભાઈને શુભકામના આપી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા ભાજપના આગેવાન મોટાભાઈ સંવટ, જિલ્લા સંઘના ડિરેકટર બાબુભાઈ હિરપરા(ગુરૂજી), જિલ્લા પંચાયતના સદસ્ય અશ્વિનભાઈ કુંજડીયા, ભાજપ આગેવાન કસુભાઈ ધાખડા, તાલુકા પંચાયત સદસ્ય અનવરભાઈ લલિયા, પરબડી સરપંચ મંગળુભાઈ વાળા, જીતુભાઈ સંઘરાજકા, ઈકબાલભાઈ લલિયા, રહિમભાઈ લલિયા, આસીફભાઈ લલિયા, વિશાલ ભાઈ રાદડીયા, ડો. સમીર સંવટ, ડો. મૌલિક લલિયા, ટીનુભાઈ લલિયા સહિત વિશાળ સંખ્યાંમા ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતા.

### વિજ્ઞાન જાથા પડકારોનો સામનો કરવા સક્ષમ : જયંત પંડયા

# રાજકોટ : દિવ્ય દરબાર અંધશ્રધ્ધા પ્રેરક સાથે માનવીને અધોગતિનાં માર્ગે લઈ જવાનો પ્રયાસ

### માનવમેદની ઉભી કરવા સરકારી મશીનરીનો દુરૂપયોગ



અમદાવાદ, તા. ૨૫

રાજકોટ, અમદાવાદ, વડોદરા, સુરત, ગાંધીનગરમાં બાગેશ્વરધામના ધીરેન્દ્ર શાસ્ત્રીનો સનાતન ધર્મના ઓઠા હેઠળ દિવ્ય દરબારો અંધશ્રદ્ધા પ્રેરક, માનવીને અધોગતિના માર્ગે લઈ જનારૂ અને કાયદાનું હનન થતું હોય લોકોએ બહિષ્કાર કરવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ અપીલ કરી છે. આગામી તા. ૩૦ મી એ રેલીમાં ધીરેન્દ્ર શાસ્ત્રી ભગાવો સમાજ-દેશ બચાવોના માર્ગો ઉપર સુત્રોચ્ચાર અને તા. ૧ જુને અવૈજ્ઞાનિક દિવ્ય દરબાર સામે ધરણા કરી જાગૃતિનો પ્રયાસ કરવામાં આવશે.

જાથાના રાજય ચેરમેન એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે, સનાતન ધર્મ તરફ સૌને આદર સાથે આવકાર હોય છે. હિન્દુ ધર્મની જાગૃતિના પ્રયાસ આવકારી જોડાવું જોઈએ. રાજયમાં સનાતન ધર્મના પ્રચાર-પ્રસારના ઓઠા હેઠળ લોકોની ભાવનાઓ સાથે ખિલવાડ, બંધારણ-સંવિધાનનું અપમાન માનવ જાતને અવળે માર્ગે લઈ જવાનો નિમ્ન પ્રયાસને વખોડવામાં આવે છે.

ગુજરાતના સાધુ-સંતોનું અપમાન છે. બહારના રાજયનો શખ્સ વાતાવરણ ડહોળે, અશાંતિ સાથે માહોલ બગાડે તેનો સદૈવ વિરોધ કરવો નાગરિક ધર્મ સાથે કર્તવ્ય છે. ધીરેન્દ્ર શાસ્ત્રીનો ગામે-ગામ વિરોધ કરવો નૈતિક ફરજ છે. શાસ્ત્રીને જયારે રાજકીય પક્ષ પ્રોજેકટ કરે ત્યારે અધઃપતન તરફ દોરી જવાના પ્રયાસની જાહેરમાં નિંદા કરવી લોકોની ફરજ છે. દિવ્ય દરબાર લોકોને ૨૧ મી સદીમાંથી ૧૭ મી સદી તરફ દોરી જનારો પ્રયાસને વખોડવામાં આવે છે.

ધીરેન્દ્ર શાસ્ત્રીનું જાહેરમાં પ્રદર્શન શંકાસ્પદ છે. પરચા અને શકિતના નામે માનવ મેદની ઉભી કરી હિન્દુ રાષ્ટ્રની ઘોષણા બંધારણનું ઘોર અપમાન લોકોએ સાંખી લેવું જોઈએ નહીં. સ્થળ ઉપર વિરોધ કરવો લોકોની નૈતિક જવાબદારી છે. દિવ્ય દરબાર બિમાર લોકોની સારવાર કરવી કાયદાનું ઉલ્લંઘન છે. શાસ્ત્રીની તિરસ્કૃત ભાષા, વર્તન હાસ્યાસ્પદ છે. જાથા સદૈવ વિરોધ કરે છે. રાજયમાં આક્રમક આંદોલનોના કાર્યક્રમોની ઘોષણા કરવામાં આવે છે.

વધુમાં જયંત પંડયા જણાવે છે કે રાજયમાં જે સ્થળોએ દિવ્ય દરબારો યોજવામાં આવ્યા છે તેની સામે કાયદાને અનુરૂપ વિરોધ પ્રદર્શિત કરવો જોઈએ. રાજયમાં બહારના બાબાને જાકારો આપવો જોઈએ. જાથાના સદસ્યો, સમર્થકો વિરોધ પ્રદર્શિત કરશે.

માનવ જાતને અધોગતિના માર્ગે લઈ જનારા કાર્યક્રમનો વિરોધ કરવો નાગરિક ધર્મ છે. સ્થાનિક નાગરિકોએ વૈજ્ઞાનિક મિજાજના દર્શન કરાવવાનો અવસર છે. રાજયમાં અશાંતિ, વાતાવરણ ડહોળવાનો કોઈને હક્ક નથી. લોકો-લોકો વચ્ચે દુશ્મનાવટ, ભાઈચારાને ખલેલ, અશાંતિ ઉભી કરી ભયનો માહોલ સર્જવો તે કાયદા ભંગની વ્યાખ્યામાં આવે છે. બાબાની વૈભવી ઠાઠ-માઠ સાધુ-સંતના લક્ષણો નથી. તોછડી વાણી, અપમાનજનક શબ્દોની હારમાળા શોભાસ્પદ નથી. આવા શખ્સને ટેકો આપવો તે માનવીની મજબુરી અને માનસિક દરિદ્રતા છે. રાજયમાં ગામે-ગામ જાગૃતોએ પોતાના ઘરે દિવાલમાં દિવ્ય દરબારનો વિરોધ કરી પોસ્ટર પ્રદર્શિત કરવા જોઈએ. લોકોએ સ્વયં જાગૃતિ કેળવવી પડશે. સરકારી એજન્સીઓનો દુરઉપયોગ કરી માનવ મેદની ઉભી કરવામાં આવશે.

રાજકીય પક્ષોએ આવા કાર્યક્રમોથી દૂર રહેવું જોઈએ. સત્તા-લોભ-લાલચમાં મૌન રહી તમાશો જોવો તે માનવીની પડતીની નિશાની છે. પોતાની ઈચ્છા ન હોવા છતાં દિવ્ય દરબારમાં ભાગ લેવો દુષ્કર કૃત્યને પ્રોત્સાહન છે. દેશને પાછલી સદીમાં ધકેલવાના ભાગીદાર સાબિત થવાના છે. ધર્મ પ્રચારનું પાલન, પ્રચાર થાય તેમાં જાથા અગ્રેસર છે, આંધળું અનુકરણ કરવું અધઃપતનની નિશાની છે.

વિશેષમાં પંડયા જણાવે છે કે, રાજકોટ દિવ્ય દરબારમાં જાથાના ૫૦ સદસ્યોની ઓળખ કરી દસની નામાવલિ જાહેર કરવા આહવાન છે. તેના ખિસ્સામાં કેટલા રૂપિયાની નોટ સંખ્યા, પાન-એટીએમ કાર્ડના નંબર બોલી વિશ્વસનીયતા સાબિત કરવાનો બાબા માટે અવસર છે.

લોકોને ઉલ્લુ બનાવવાનો બાબાને હક્ક નથી. આગામી તા. ૩૦ મી અને તા. ૧ લી એ રેલી-ધરણાની મંજૂરી માંગવામાં આવી છે. માર્ગો ઉપર ધીરેન્દ્ર શાસ્ત્રી વિરૂદ્ધ સુત્રોચ્ચાર કરવામાં આવશે. આશ્ચર્યજનક કાર્યક્રમ આપી બાબાને સબક શીખડાવવામાં આવશે. બાબાની વર્તણૂંકની જાહેરમાં ટીકા કરવામાં આવશે. બંધારણનું અપમાન સાંખી લેવામાં આવશે નહિ.

ગામેગામે જાગૃતોએ જાગૃતિ કેળવી રોષ પ્રગટ કરવો જોઈએ. રાજયમાં બાબાને પરાણે ઠોકી બેસાડવો તે સામાજિક પાપ છે. દિવ્ય દરબારમાં નાગરિકોએ બાબાના પરચાની પરીક્ષા કરવી જોઈએ. બાબાના ડમી સાગ્રીતો પરચાને અનુમોદન આપી લોકોને ગેરમાર્ગે દોરવાના છે. લોકોએ સાચા-ખોટાનો નિર્ણય કરવાનો છે. રાજયમાં બાબાને ભગાડી નાગરિક ધર્મ બજાવવો જોઈએ. બાબાએ રાષ્ટ્ર હિતમાં એકપણ કામ કર્યુ નથી. પ્રચારનું મ્હોરૂં ઉભું કર્યું છે. રાજયમાં જાથાનો વિરોધ પ્રદર્શિત કાર્યક્રમની આયોજકો નોંધ લેશે તેવો કાર્યક્રમ આપવાના છે. કાયદાની મર્યાદામાં જ આયોજનો હશે. વિરોધ પ્રદર્શિત કાર્યક્રમમાં જાથાના જયંત પંડયા સાથે નાથાભાઈ પીપળીયા, પ્રમોદ પંડયા, નિર્ભય જોશી, દિનેશ આહિર, અશ્વિન આહિર, નિર્મળ આહિર, સંદિપ આહિર, હિતેષભાઈ આહિર, જયદિપભાઈ યાદવ, રાજુ યાદવ, હકુભાઈ બસીયા, અંકલેશ ગોહિલ, રવિ પરબતાણી, પ્રકાશ ગોહિલ, ધીરૂભાઈ ટોળીયા, રમેશભાઈ મુછડીયા, સુરેશભાઈ ખુમાણ, હિતેષભાઈ દાફડા, જયસુખભાઈ સોલંકી, અશોકભાઈ મકવાણા, દિપકભાઈ રાઠોડ, અશોકભાઈ સારીખડા, મગનભાઈ પરમાર, વિનોદભાઈ વામજા, ભકિતબેન રાજગોર, ભાનુબેન ગોહિલ, રેખાબેન ચૌહાણ, હર્ષાબેન પંડયા, જેતપુર રમેશ પરમાર, સંજય જાદવ, રમેશભાઈ મારૂ, પી.એલ. મારૂ તથા રાજકોટ, ગોંડલ, જેતપુર, ધોરાજી, ભાણવડ, ઉપલેટા, પોરબંદર, જામનગર, મોરબી, અમરેલી, જુનાગઢ, સુરેન્દ્રનગરથી જાથાના સદસ્યો, શુભેચ્છકો વિરોધ પ્રદર્શિત કાર્યક્રમમાં હાજરી આપવાના છે. અંતમાં રાજયમાં અવૈજ્ઞાનિક દિવ્ય દરબારનો નાગરિકોએ વિરોધ પ્રદર્શિત કરી નાગરિક ધર્મ બજાવવા જાથાએ અપીલ કરી છે.

# સા.કુંડલા : સ્ટેમ ક્વિઝની સ્પર્ધામાં વિદ્યાર્થી હાર્દિક રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેશે

સાવરકુંડલા. તા. ૨૫

ગુજરાત સ્ટેમ કિવઝ એક એવી પ્રવૃત્તિ છે કે જેમાં શિક્ષણ, ગમ્મત અને સ્પર્ધાનો ત્રિવેણી સંગમ છે. ગુજરાત સ્ટેમ્પ કિવઝનું ધ્યેય વિદ્યાર્થીઓમાં સ્ટેમ(સાયન્સ, ટેકનોલોજી, ઈજનેરી, મેથેમેટિકસ) વિશે ઉત્સાહમાં અભિવૃદ્ધિ કરવાનું છે. આ કિવઝમાં ગુજરાત રાજયના કોઈપણ જિલ્લાા, બોર્ડ, માધ્યમ, ધોરણ(૯ થી ૧૨)ના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે.

આ સ્પર્ધા અંતર્ગત સાવરકુંડલાનો વિદ્યાર્થી ઝીંઝુવાડીયા હાર્દિક કે જેઓ કે. કે. હાઈસ્કૂલ ખાતે ધોરણ ૧૨ સાયન્સમાં અભ્યાસ કરે છે તેમણે આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં સમગ્ર તાલુકામાંથી ૧૦ વિદ્યાર્થીઓ સિલેકટ થયા હતા. ત્યારબાદ ૧૧ મે ના રોજ રાજય કક્ષાની સ્ટેમ કિવઝનું આયોજન સાયન્સ સીટી અમદાવાદ ખાતે થયું હતું. જેમાં ઝિંઝુવાડીયા હાર્દિક સાવરકુંડલા



તાલુકામાંથી નેશનલ સ્ટેમ કિવઝ માટે પસંદ થયેલ છે. રાજય સ્ટેમ કિવઝમાં શ્રેષ્ઠ દેખાવ બદલ તેમને સેમસંગનું ટેબલેટ ઈનામ સ્વરૂપે મળેલ. આ તકે કે.કે.હાઈસ્કૂલ સમગ્ર સ્ટાફ તથા આચાર્ય તથા તેમની ભૂતપૂર્વ પ્રાથમિક શાળા પે સેન્ટર શાળા નંબર ૧ (તાલુકા શાળા) સ્ટાફ તેમને નેશનલ કક્ષા માટે શુભેચ્છા પાઠવી છે. તેમજ આ તકે ઝિંઝુવાડીયા હાર્દિક ગુજકોસ્ટના મેમ્બર સેક્રેટરી ડોકટર નરોતમ સાહુનો આભાર પ્રગટ કરેલ.

# આંતરરાષ્ટ્રીય યોગ દિવસ-૨૦૨૩ અંતર્ગત અમરેલી શહેરમાં કોમન યોગાસન પ્રોટોકોલ તાલીમ તથા યોગ જાગરણ રેલી યોજાશે

### ૫૦૦થી વધારે યોગ સાધકો, શહેરીજનો, વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાશે

અમરેલી, તા. ૨૫

રાજય સરકારના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકના ગુજરાત રાજય યોગ બોર્ડ, ગાંધીનગર દ્વારા પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી મોટા પાયે થાય તે માટે વિશેષ આયોજન કરવામાં આવશે. આ કાર્યક્રમનો યોગ્ય પ્રચાર-પ્રસાર થાય અને લોકોમાં યોગ અંગેની જાગૃત્તિ આવે તથા તેમને આંતરરાષ્ટ્રીય યોગ દિવસની જાણકારી મળી રહે વધુમાં વધુ લોકો યોગ સાથે જોડાય અને યોગ કરતા થાય તેવા ઉમદા આશયથી કોમન યોગા પ્રોટોકોલ તાલીમ શિબિર અને યોગ જાગરણ રેલીનું આયોજન આગામી તા. ૨૬/૫/૨૦૨૩ શુક્રવારનાં રોજ કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ સવારે ૬:૦૦ થી સવારે ૮:૦૦ વાગ્યા દરમિયાન બીએપીએસ ગાંધીબાગ અમરેલી ખાતે યોજાશે.


કાર્યક્રમમાં આશરે ૫૦૦થી વધારે યોગ સાધકો, શહેરીજનો, વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાશે. યોગ જાગરણ રેલીનો રૂટ ગાંધીબાગથી પ્રસ્થાન કરી ટી.પી. ગાંધી સર્કલ, નાગનાથ સર્કલ, રાજકમલ સર્કલ, ટાવર સર્કલ, રૂપમ ટોકીઝ સર્કલ, ટી.પી. ગાંધી સર્કલથી પરત ગાંધીબાગ પાસે સમાપન થશે. શહેરીજનોને આ કાર્યક્રમમાં જોડાવા માટે તેમજ વધુ જાણકારી માટે યોગ બોર્ડના જીલ્લાનાં કોર્ડિનેટર જયદિપભાઈ ચૌહાણનો સંપર્ક કરી શકાશે, તેમ જિલ્લા રમત ગમત અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

# સત્યનું જીવન જીવો

## સંત રાજીન્દર સિંહજી મહારાજ

જો આપણે પરમાત્મા તરફ પરત જવાનું આધ્યાત્મિક માર્ગ પર ચાલી રહ્યા છીએ તો સત્યના તમામ પાસાને વિકસિત કરવા પડશે. જો આપને પરમાત્માના પ્રકાશને પ્રતિબિંબિત કરતું સ્પષ્ટ દર્પણ બનાવવું હોય તો તેમાં કંઈ ખામી ન હોવી જોઈએ. આપણા શબ્દો, વિચારો, કાર્યો એવા હોવા જોઈએ જેમ કે પરમ સંત કૃપાલસિંહજી મહારાજે કહ્યું હતું કે 'સત્ય ઉચ્ચ છે પરંતુ સાચું સારૂં જીવન તેના કરતાં પણ ઊંચું છે.' સત્યને અનુસરવાથી ન ફકત આપણી આધ્યાત્મિક વૃદ્ધિને વેગ મળશે પરંતુ આપણે તેવા લોકો માટે પણ એક ઉદાહરણ બની શું કે જે પરમાત્મા પાસે પરત જવાના માર્ગ શોધી રહ્યા છે. એવા ઘણી સહાયક ક્રિયા છે જે આપણામાં સત્યની ગુણવત્તા વિકસાવશે.

પ્રથમ આપણે જાણવું જોઈએ કે કદાચ કયારેક કયારેક આપણે બીજાઓથી સચ્ચાઈ છુપાવી શકીએ છીએ પરંતુ પિતા પરમેશ્વરથી નહીં. પિતા પરમેશ્વર બધું જ જાણે છે અને તે દરેક સમયે આપણને જોઈ રહ્યા છે. આપણે કદાચ એવું વિચારી શકીએ છીએ કે સર્વ શકિતમાન પરમાત્માની આગળ આપણે એટલા નાના છીએ કે તેઓ આપણી ચિંતા શા માટે કરશે ? પરંતુ પરમાત્મા દરેક જીવની, એક ઘાસના તણખલાથી લઈને પૃથ્વી પર ચાલવાવાળા મોટા મોટા પશુઓ વિશે બધું જ જાણે છે. આપણે પરમાત્માની અદ્રશ્ય નજરથી બચી શકતા નથી. કારણ કે પરમાત્મા દરેક જીવના અંતરમાં સમાયેલા છે. જો આપણે એ સત્ય જાણી લઈએ કે પરમાત્મા સદા આપણી સાથે છે તો આપણે એ અનુભવ કરીશું કે આપણે જે કંઈપણ વિચારીએ છીએ, બોલીએ છીએ અથવા જે કંઈ પણ કાર્ય કરીએ છીએ તે આપણે બીજાઓથી છુપાવી શકીએ છીએ પરંતુ પિતા પરમેશ્વર આપના દરેક કાર્યથી પરિચિત છે.બીજું સહાયક કાર્ય કે જે સત્યને ધારણ કરવામાં મદદરૂપ છે તે એ છે કે આપણે આપણી નિષ્ફળતા વિશે પ્રામાણિક રહેવું. આપણે પોતાની ભૂલોની બીજાઓથી છુપાવી શકીએ છીએ પરંતુ તેને આપણે પોતાની જાતથી છુપાવી શકતા નથી. આપણી ભૂલોને



નજર અંદાજ કરીને અથવા તેના માટે ઘણા બહાના કરીને આપણે પોતાની આધ્યાત્મિક પ્રગતિ વિકસિત કરી શકતા નથી. જો આપણે પિતા પરમેશ્વર સામ્રાજયમાં પ્રવેશવા માટે પોતાની યોગ્ય બનાવવું હોય તો આપણે આપણી આત્મા પણ લાગેલા બધા જ ડાઘ સાફ કરવા પડશે. આપણને પિતા પરમેશ્વર એવી જ રીતે જોશે જેવા આપણે વાસ્તવમાં છીએ. એકવાર પોતાની ભૂલોને જાણીને તેને સુધાર્યા પછી આપણે આપણી પોતાની જાતને ક્ષમા કરવી જોઈએ.

સત્યના ગુણોથી સમાજમાં સન્માન પ્રાપ્ત થાય છે. તેનાથી આપણા સંબંધો સુધરે છે અને આપણે બીજાઓને વધારે સોનેરી જીવનજીવવા માટે પ્રેરિત કરીએ છીએ. જો પ્રતિકૂળ પરિસ્થિતિમાં લોકો આપણી સાથે છેતરપિંડી કરે છે, આપણી સાથે યુકિતઓ રમે છે છતાં પણ જો આપણે આપણા સત્યના સિદ્ધાંતો પર વળગી રહીએ છીએ તો આપણે એ કહેવત સમજી શકીશું 'અંતમાં સત્યનો જ વિજય થાય છે'.

આવો આપણે પોતાના જીવનમાં સત્યના ગુણોને વિકસિત કરવાની પ્રતિજ્ઞા લઈએ. આપણે આપણા દરેક વ્યવહાર, આ જીવિકાની કમાણીમાં ઈમાનદારી રાખીએ. આપણે આપણી વાસ્તવિક પરિસ્થિતિ જાણીએ જેથી કરીને આપણે પોતાના જીવનમાં સુધારો લાવી શકીએ. જે આપણને પિતા પરમેશ્વરની તથા આપણા લક્ષની નજીક લઈ જશે.

**સાવન કૃપાલ રૂહાની મિશનની વધુ વિગતો માટે સંપર્ક કરો**
**૯૮૨૫૪૬૭૧૧૦,**
**skrmzn12@gmail.com**

### રોડ સેફટી સ્ટ્રેટેજિક એકશન પ્લાન મુકાયો

# અમરેલી જિલ્લામાં માર્ગ અકસ્માત અને મૃત્યુની સંખ્યામાં પચ્ચીસ ટકાનો ઘટાડો કરવાનું લક્ષ્ય

### સેફટી કાઉન્સિલના અધ્યક્ષ દ્વારા સુચન કરાયું

અમરેલી, તા.૨૫

જિલ્લામાં માર્ગ સલામતી સુનિશ્ચિત થાય અને અકસ્માતોની સંખ્યામાં ઘટાડો તે માટે રોડ સેફટી કાઉન્સીલના અધ્યક્ષ-વ-કલેકટરના અધ્યક્ષ સ્થાને ગત તા.૨૦ જુલાઈ,૨૦૨૨ના રોજ રોડ સેફટી કાઉન્સીલનું ગઠન કરવામાં આવ્યું હતું. આ કાઉન્સીલમાં અધ્યક્ષ-વ-કલેકટર દ્વારા રોડ સેફટી સ્ટ્રેટેજિક એકશન પ્લાન તૈયાર કરવાની સૂચના આપવામાં આવી હતી. જેના અંતર્ગત તૈયાર કરવામાં આવેલા રોડ સેફટી સ્ટ્રેટેજિક એકશન પ્લાન ૨૦૨૩-૨૪ને જિલ્લા કલેકટર દ્વારા મંજૂરી આપવામાં આવી છે. આ પ્લાન મુજબ અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૨૩-૨૪માં માર્ગ અકસ્માતની સંખ્યા અને મૃત્યુની સંખ્યામાં ૨૫ ટકા સુધી ઘટાડો કરવાનો લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યો છે. આ પ્લાન મુજબ જિલ્લા માર્ગ સલામતિ સમિતિ તૈયાર કરવામાં આવી છે અને રોડ સેફટીનાં પાંચ E અંતર્ગત કમિટીનાં તમામ સભ્યોને વિવિધ કામગીરી સોંપવામાં આવી છે. આ સમિતિના અધ્યક્ષ જિલ્લા કલેકટર છે ત્યારબાદ જિલ્લાના વિવિધ વિભાગના ઉચ્ચ અધિકારીઓને આ કમિટીમાં વિવિધ પ્રકારની કામગીરી સોંપવામાં આવી છે.રોડ સેફટી કાઉન્સીલના અધ્યક્ષ-વ-કલેકટર દ્વારા મંજૂર કરવામાં આવેલા સ્ટ્રેટેજિક પ્લાન અંતર્ગત જિલ્લામાં પાર્કિંગ અને ટ્રાફિકના સુચારૂ અમલ માટે વિવિધ સભ્યોને કામગીરી સોંપવામાં આવી છે. આ પ્લાન મુજબ પાર્કિંગની વ્યવસ્થા અને અમલીકરણ, જાહેર માર્ગોના અતિક્રમણ દૂર કરવા, ગ્રામીણ અને હાઈવે માર્ગોના અતિક્રમણ દૂર કરવા, લારી ગલ્લા માટે નિયત જગ્યાઓ કરવી, ટ્રાફિક સિગ્નલ,સ્ટ્રીટ લાઈન, હાઈ માસ્ટ ઉભા કરવા, હેલમેટ, સીટ બેલ્ટ, ઓવરસ્પીડીંગ, ચાલુ ડ્રાઈવીંગમાં મોબાઈલમાં વાત કરવાના કાયદાનું ઉલ્લંઘન વગેરે લગતા ટ્રાફીકના કાયદાઓનું અમલીકરણ કરાવવું. અંતરિયાળ વિસ્તારમાં એસ.ટી.ની સુવિધાઓ પહોંચાડવી, ખાનગી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે સ્કુલ બસનું પાલન, સ્કુલ બસના હેલ્થ સર્ટિફિકેશન, વીમા, પરમીટની તપાસણી, સ્કુલ બસ, રીક્ષાના ડ્રાઈવરો માટે માર્ગ સલામતી સેમિનારનું આયોજન, રખડતા ઢોરને નિયંત્રિત કરવા માટે સીસ્ટમની સ્થાપના કરવી, ઈન્ટરસેપ્ટર વાન, સ્પીડગન, આલ્કોમીટર સાધનો વધારવા, જિલ્લામાં ટ્રાફીક પોલીસ સ્ટેશનોની સ્થાપના કરવી, હાઈવે પર ટ્રાફીકના ગુનાઓની તપાસ કરતા વાહનોની સંખ્યા વધારવી, અકસ્માતોની સંખ્યા ઘટાડવા બ્લેક સ્પોટની ઓળખ કરી તેની સુધારણા કરવી.જિલ્લાના ડુંગરાળ વિસ્તાર અને અને ધોરીમાર્ગની આજુબાજુમાં વોટર બોડી હોય ત્યાં માર્ગ સલામતીના પગલાં લેવાની આવશ્યકતા જણાતી હોય ત્યાં તેનું આયોજન કરવું, ટ્રાફીકમાં ઘટાડો કરવા વૈકલ્પિક રૂટ જાહેર કરવા, રોડરસ્તા પરના ખાડા સુધારવા, માર્ગની મરામત કરાવવી, ખાડાનું પૂરાણ, જરૂરી જણાય ત્યાં રેલિંગ કરાવવી, સ્કુલ કોલેજ, ડ્રાઈવર વર્ગ અને સમૂહ વર્ગમાંમાર્ગ સલામતિના કાયદાના મેળા-સેમિનાર, પેમ્પલેટ, બુકસ વગેરે દ્વારા પ્રચાર પ્રસાર કરવાનો રહેશે.

જિલ્લામાં આ વિષય સંદર્ભે રસ ધરાવતા એનજીઓને જોડી અને જાગૃતિ કાર્ય હાથ ધરવામાં આવશે. સંકટ સમયે ઈમરજન્સી સેવા ૧૦૮નો વ્યાપક ઉપયોગ અને તેનો પ્રચાર પ્રસાર કરી અને અકસ્માતના ગોલ્ડન અવરમાં સારવાર મળે તે માટે આયોજન કરવામાં આવશે. આ ઉપરાંત માર્ગ અકસ્માતનો ભોગ બનનારને કમ્પનસેશન ટુ વિક્ટીમ ઓફ હીટ એન્ડ રન, મોટર એકસીડેન્ટ સ્કિમ, ૨૦૨૨ મુજબ સહાયતા માટે કાર્યવાહી કરવા તેમજ પોલીસ સ્ટાફ, ટીઆર.બી સ્ટાફને પ્રાથમિક સારવારની તાલીમ આપવાનો નિર્ધાર છે. જિલ્લામાં આવેલા સંભવિત અકસ્માત ક્ષેત્રોમાં ટ્રોમા સેન્ટરની સ્થાપના સહિતનાં જરૂરી પગલાં ભરવા માટે વિવિધ સભ્યઓને કામગીરી સોંપવામાં આવી છે.આ તમામ પગલાંઓ દ્વારા સંયુકત રીતે અમરેલી જિલ્લામાં માર્ગ અકસ્માતની સંખ્યા અને મૃત્યુની સંખ્યામાં ઘટાડો લાવવા માટે કવાયત હાથ ધરવામાં આવશે તેમ, રોડ સેફટી કાઉન્સિલના સભ્ય સચિવ-વ-સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, અમરેલીએ એક યાદીમાં જણાવ્યું છે.

### શું છે સીડબોલ ? સીડબોલ કેવી રીતે બનાવી શકાય?

# સીડબોલ બનાવીને અવાવરૂ જગ્યાએ મુકીને વૃક્ષારોપણ કાર્ય કરી શકાય છે

### વિવિધ બીજને ફળદ્રુપ માટીમાં વિંટીને દડા બનાવી શકાય

અમરેલી, તા.૨૫

સીડબોલ બનાવવા માટેની શરૂઆત નેચરલ ફાર્મિંગ શરૂ કરનાર જાપાની પર્યાવરણપ્રેમી Masanobu Fukuoka એ કરી હતી. ઈજિપ્તમાં નાઈલ નદીમાં પૂર આવવાનાં કારણે થયેલ નુકશાન બાદ ફરીથી ઝાડ વાવવા માટે પણ આ જ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવતો હતો. અત્યારે આપણા દેશમાં પણ ઘણા પર્યાવરણ પ્રેમીઓ આ પદ્ધતિનો ઉપયોગ કરી રહયા છે.

સીડબોલ નામ તો તમે સાંભળ્યું જ હશે. તેના ઉપયોગ વિશે પણ ઘણા લોકો જાણતા હશે. પરંતુ તેને ઘરે કેવી રીતે બનાવી શકાય. એ વિશે બહુ ઓછા લોકો જાણતા હોય છે. સીડ બોલ અર્થબોલ તરીકે પણ ઓળખાય છે. જેમાં વિવિધ પ્રકારનાં બીજને ફળદ્રુપ માટીમાં વિંટીને દડા બનાવવામાં આવે છે.

સતત ઘટી રહેલ હરિયાળીના કારણે આખી પૃથ્વી ગ્લોબલ વોર્મિંગનો સામનો કરી રહી છે. અને તેનું સમાધાન સતત ઘટી રહેલ હરિયાળીનાં કારણે આખી પૃથ્વી ગ્લોબલ વોર્મિંગનો સામનો કરી રહી છે. અને તેનું સમાધાન લાવવાનો એકમાત્ર રસ્તો વૃક્ષારોપણ જ છે.

વૃક્ષોથી હવામાં ઓકિસજનનું પ્રમાણ તો વધે જ છે, સાથે - સાથે વૃક્ષો વરસાદ પણ ખેંચી લાવે છે. અને વાતાવરણ માંથી ગરમી ઘટાડવામાં પણ મહત્વનો રોલ અદા કરે છે. પરંતુ દરેક જગ્યાએ રોપા વાવવા જવું શકય નથી બનતું ત્યાં સીડબોલ ખુબ જ ઉપયોગી નીવડે છે.

સરળતાથી ઉગી નીકળતાં દેશી કુળનાં ઝાડ-છોડનાં બીજમાંથી સીડબોલ બનાવી ખુલ્લી



જગ્યાઓ પર ચોમાસા દરમિયાન નાખવામાં આવે તો તેના પર વરસાદ પડતાં તેમાંથી અંકુર ફુટી નીકળે છે. અને ઝાડ - છોડ ઉગી નીકળે છે. ચોમાસા દરમિયાન આ સીડબોલ નાખવાથી ત્યાં નિયમિત પાણી પાવા જવાની પણ જરૂર નથી પડતી.

વરસાદનાં પાણીથી જ તેનો વિકાસ થઈ જાય છે. તો પછી તમે કોની રાહ જુઓ છો, વરસાદની શરૂઆત થઈ છે તો, સીડબોલ બનાવી તમે પણ વિવિધ જગ્યાએ તેને નાખો અને બાળકો પાસે પણ નખાવો, જેથી તેઓ પણ અત્યારથી પ્રકૃતિની નજીક આવે.

સીડબોલ બનાવવા માટે સૌપ્રથમ આસોપાલવ, અરીઠા, ઉમરો, ખીજડો, ખાખરો, જાંબુ, ગોરસ આમલી, ગરમાળો, ગુંદી, ગુંદો, ચણીબોર, પુત્રંજીવા, પીલુડી, ફાસલા, બોરસલી, બીલી, બોર, રામબાવળ, રાયણ, વડ, શીણવી, કડવો, લીમડો, સીતાફળ, તુલસી વગેરેમાંથી જેનાં પણ બીજ મળી શેક તેનાં બીજ ભેગાં કરો. ત્યારબાદ ખેતરની માટી લાવો અને તેનાં પર થોડું પાણી છાંટી ભીની કરો. જો તમારી પાસે છાણીયું ખાતર કે કંપોસ્ટ ખાતર હોય તો તેને પણ આ માટીમાં મિકસ કરી શકાય છે.

આ દરમિયાન તમે ભેગા કરેલ બધા જ બીજને અલગ-અલગ તારવી દો. હવે નાના બોલ જેટલી માટી હાથમાં લો અને માટીની વચ્ચે ૨-૩ બીજ રાખી બોલ વાળીને તેને સૂકવવા મુકી દો. આ રીતે બધા જ બોલ તૈયાર કરી દો. તૈયાર છે.

સીડબોલ, હવે જયારે પણ તમે બહાર નીકળો ત્યારે રસ્તાની આસપાસ ઝાડી, ઝાંખરમાં, ગૌશાળાની આસપાસ, શાળાનાં મેદાનની કિનારી પર જેવી સુરક્ષિત જગ્યાઓએ આ સીડબોલ નાખો. તેનાં પર વરસાદનું પાણી પાડતાં જ, બે-ત્રણ દિવસમાં તેમાંથી અંકુર ફુટી નીકળશે. એવું બની શકે કે, બધા બીજ ન પણ ઉગે, પરંતુ તેમાંથી ૩૦-૪૦% ટકા બીજમાંથી પણ ઝાડ - છોડ ઉગી નીકળશે તો, ઘણી હરિયાળી થશે.

# અમરેલી તાલુકાની પ્રાથમિક શાળાઓનાં મધ્યાહન ભોજન કેન્દ્રોમાં સંચાલક, રસોઈયા અને મદદનીશની આવશ્યકતા

અમરેલી, તા.૨૫

અમરેલી તાલુકાની પ્રાથમિક શાળાઓના મધ્યાહન ભોજન કેન્દ્રોમાં મધ્યાહન ભોજનના સંચાલક, રસોઈયા અને મદદનીશની આવશ્યકતા છે. આ ખાલી જગ્યાઓ માટે અરજીઓ મંગાવવામાં આવી છે.

અમરેલી તાલુકાની કન્યાશાળા નં.૦૧, અમરેલી, વડેરા, રંગપુર, પ્રતાપપરા, તરવડા, માળીલા, રીકડીયા સહિતની પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન કેન્દ્રના સંચાલકની નિમણુક માટે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ જગ્યા માટે ધો.૧૦ પાસ હોય તેવી (અથવા એ ન હોય તો ધો.૦૭ પાસ) હોય તેવી સ્થાનિક વ્યકિત જ અરજી કરી શકે છે. આ ઉપરાંત જૂના ગીરીયા, સાંગાડેરી, રામનગર-વરસડા, તરવડા, માલવણ, ચાંદગઢ, નવા ગીરીયા, બાબાપુર પ્રાથમિક શાળાના મધ્યાહન ભોજન કેન્દ્રમાં રસોઈયાની આવશ્યકતા છે. આ માટે સ્થાનિક અનુભવી ઉમેદવારો અરજી કરી શકે છે.

કન્યા શાળા-૦૧, અમરેલી, જેસીંગપરા કન્યાશાળા-અમરેલી, સુખનિવાસ કોલોની અમરેલી, જુના ગીરીયા, સાંગાડેરી, રામનગર- વરસડા, તરવડા, રંગપુર, ઢોલરવા, માળીલા, નાના ગોખરવાળા, નાના ભંડારીયા, નાના માચીયાળા, લાપાળીયા, હરિપુરા, વિઠ્ઠલપુર, ખડખંભાળીયા પ્રાથમિક શાળાઓમાં મદદનીશની જગ્યા માટે ભરતી બહાર પાડવામાં આવી છે.

આ ભરતી માટે નમૂનાનું અરજીપત્રક મામલતદાર કચેરી, જિલ્લા સેવા સદન, ગ્રાઉન્ડ ફલોર, રાજમહેલ કમ્પાઉન્ડ, અમરેલી ખાતેથી મેળવી લેવું. તા.૦૯ જુન, ૨૦૨૩ના રોજ બપોરે ૩.૦૦ વાગ્યા પહેલા અરજી કરી રજૂ કરવું. અરજી પત્રક સાથે શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો, જાતિ અંગેના પુરાવા, જન્મતારીખના પુરાવા, રહેઠાણના આધાર અંગે રેશનકાર્ડની ઝેરોક્ષની નકલ, ચૂંટણીકાર્ડ, આધારકાર્ડ તથા સારી ચાલચલગત અને ચારિત્ર્ય અંગેનું ગ્રામપંચાયત/પ્રતિષ્ઠિત વ્યકિત દ્વારા પ્રમાણિત થયું હોય તેવું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

તેમ મામલતદાર-અમરેલીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

હવે રાધિકા હોસ્પિટલમાં વાહન અકસ્માત (એક્સિડન્ટ) થયેલ ફ્રેકચરોનાં ઓપરેશનો તદ્દન મફતમાં...

ઓર્થોપેડીક વિભાગ

મુખ્યમંત્રી માં અમૃતમ (વાત્સલ્ય) કાર્ડ તથા પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત કાર્ડમાં હવે ઘુટણ, થાપા અને ખંભાના ઘસારા માટે જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરીનાં ઓપરેશન તદ્દન મફતમાં

ડૉ. અંકિત ગાબાણી
એમ.એસ.(ઓર્થો). એમ.બી.ડી. (ઓર્થો)
કન્સલ્ટન્ટ ઓર્થોપેડિક,
જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ સ્પાઈન સર્જન

ટ્રોમા કેર
જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી
સ્પાઈન સર્જરી
ઈલીઝારોવ સર્જરી
ઓર્થોસ્કોપી

- દરેક પ્રકારનાં હાડકાનાં ફ્રેકચરની અદ્યતન સારવાર - ઘુટણ, થાપા અને ખંભાના ઘસારા માટે જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી (TKR,THR,TRR) - કમરનાં મણકાની ગાદીનાં દુખાવા, કમરનાં મણકાનાં ફ્રેકચરના ઓપરેશન
- હાડકાની રસી તથા ટુંકા પગ લાંબા કરવા માટે રશીયન ટેકનોલોજીથી ઈલીઝારોવ ઓપરેશન - ઘુટણ અને ખભાની ગાદીનાં ઓપરેશન - જન્મજાત ખોડખાપણવાળા બાળકોના ઓપરેશન.

ઈમર્જન્સી સારવાર ૨૪ કલાક | નિદાન ફી માત્ર રૂા.૫૦/-

પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત યોજનાના કાર્ડ ધારકોને મફત ઓપરેશન

NCT NETRA CHIKITSA TRUST

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ - સંચાલિત
રાધિકા મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલ (ગોળ હોસ્પિટલ)
ચિતલ રોડ, દત મંદિર પાસે, અમરેલી. ફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૩૧૬/૨૨૮૯૦૪

## અમુક દબાણો સ્વૈચ્છાએ દૂર થયા અને અમુક દબાણો તંત્રએ દૂર કર્યા

# અમરેલીમાં દબાણ હટાવ ઝૂંબેશને સંકેલી લેવાઈ

**માત્ર એક દિવસ ચાલેલી દબાણ હટાવ ઝૂંબેશને લઈને આક્ષેપ-પ્રતિઆક્ષેપ શરૂ થતાં તંત્ર પણ નરમ પડી ગયું**

**શહેરનાં મહાકાય દબાણોને બદલે સામાન્ય દબાણો દૂર કરીને તંત્રએ સંતોષ માનતાં આશ્ચર્ય ફેલાયું**

**ડો. જીવરાજ મહેતા ચોકમાં રોયલ પેરેડાઈઝ બિલ્ડીંગનાં ૩ માળ તદ્દન ગેરકાયદેસર છતાં પણ કાર્યવાહી કરવામાં ન આવી**

**હંમેશા દબાણ હટાવ ઝૂંબેશમાં ગરીબો અને નિરાધાર દબાણકર્તાઓ જ હડફેટે આવતા હોય છે**

અમરેલી, તા. ૨૫

અમરેલી શહેરમાં છેલ્લા ૧૫ દિવસથી દબાણ હટાવ ઝૂંબેશને લઈને ચાલતી અટકળો પર એક દિવસની ઝૂંબેશ બાદ પૂર્ણવિરામ મુકાયું છે. એક દિવસ ચાલેલી ઝૂંબેશ બાદ અચાનક જ તંત્રએ દબાણ હટાવ ઝૂંબેશ બંધ કરવાનો નિર્ણય લેતા ભારે આશ્ચર્ય ફેલાયું છે.

અમરેલી શહેરમાં જો કે પાલિકાનાં શાસકોએ શરૂઆતમાં જ જાહેરાત કરી હતી કે ટ્રાફિકને નડતરરૂપ છાપરા, ઓટલા, બોર્ડ, કેબિનો કે રેંકડિયો જ હટાવાશ મહાકાય દબાણો દૂર કરવાની કાર્યવાહી વિચારાધીન છે અને જાહેરાત બાદ મોટાભાગનાં દબાણકર્તાઓએ સ્વૈચ્છિક રીતે દબાણ દૂર કરી દીધું. બાદમાં ગઈકાલે તંત્રએ એક જ દિવસમાં ૭૦૦ જેટલા નાના-મોટા દબાણો દૂર કરીને મોડી રાત્રિએ દબાણ હટાવ ઝૂંબેશ બંધ કરી દીધી હતી.

હવે શહેરમાં અનેક

અનુસંધાન પાના ૬ ઉપર

## છેલ્લા ૨૦ વર્ષથી અવનવા બ્હાનાતળે કામ પાર પડતું નથી

# ખીજડીયા-અમરેલી-વિસાવદર વચ્ચેની મીટરગેજ લાઈનનું બ્રોડગેજમાં રૂપાંતર કરવાનું ટેન્ડર ટલ્લે ચડ્યું

**મોસાળે જમણ અને મા પીરસનારી છતાં પણ જનતાને કોઈ લાભ મળતો નથી**

અમરેલી, તા. ૨૫

અમરેલી એ સ્વ. ડો. જીવરાજ મહેતાની સ્વપ્નનગરી, સુપ્રસિધ્ધ કવિ રમેશ પારેખની અતિ વ્હાલીનગરી અને સિંહોનો વસવાટ ધરાવતી ભૂમિનું મુખ્ય શહેર છતાં પણ એકવીસમી સદીનાં ૨૩ વર્ષ બાદ પણ અમરેલીને બ્રોડગેજ રેલ્વેની સુવિધા મળતી ન હોય આનાથી શરમજનક બાબત બીજી શી હોય શકે.

અમરેલીની જનતા છેલ્લા ૨૦ વર્ષથી બ્રોડગેજ રેલ્વેની સુવિધા ઝંખી રહી છે. ૨૦ વર્ષમાં ૩-૩ સાંસદ અને ૩ સરકાર બદલી ગઈ છતાં હજુ સુધી કોઈ પક્ષ કે સાંસદ બ્રોડગેજ રેલ્વેની સુવિધા આપી શકયું નથી.

થોડા મહિના પહેલા

અનુસંધાન પાના ૬ ઉપર

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.

સુખ નથી આવતું દુઃખ વગર
પ્રેમ નથી મળતો નફરત વગર
માટે ભરોસો રાખો ભગવાન ઉપર
કેમકે ભગવાને સાગર
નથી બનાવ્યો કિનારા વગર.

લાઇવ ૨૨ કેરેટ દાગીનાના ભાવ જાણવા મીસ કોલ કરો 95558 11166

એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી Ph. No. (02792) 223770/226868

## સામાજિક કાર્યકર્તા કાંતિલાલ પરમારે સીએમને પત્ર પાઠવ્યો

# અમરેલી તાલુકાનાં સૌથી મોટા ગામ ચિતલ ખાતે પોલીસ સ્ટેશન શરૂ કરવા માંગ

**લાતીબજાર, જીનીંગ ઉદ્યોગ હોવાથી અત્યંત જરૂર છે**

અમરેલી, તા. ૨૫

જશવંતગઢ ગામનાં વતની અને સામાજિક કાર્યકર્તા કાંતિલાલ પરમારે રાજયનાં મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી તાલુકામાં આવેલ ચિતલ ગામે સૌથી મોટા ગામો પૈકીનું એક ગામ છે. જે જીલ્લાના મુખ્ય મથક અમરેલીથી ૧૭ કિલોમીટર દૂર આવેલ છે. જેની વસ્તી ૨૦ હજાર કરતા પણ વધારે છે. અહીં ખેતી-ખેતમજૂરી આધારિત જીવન અને લાતી બજારનો ઉદ્યોગ પણ મોટા પ્રમાણમાં વિકાસ પામ્યો છે.

ચિતલને અડીને આવેલા ગામો રીકડીયા, મોણપુર, રાંઢિયા, જશવંતગઢ-ટીમ્બા, શેડુભાર, નાના આંકડીયા, નાના માચીયાળા, મોટા માચીયાળા, હરિપુરા, સુરગપુરા, ખીજડીયા(જં.), દહિડા, પીપલગ, કાઠમા જેવાં ગામો આવેલ છે. મોટા ભાગના ગામડાઓનો લેવડ-દેવડનો વહીવટ, હટાણું તેમજ વ્યવહાર ચિતલ ગામ સાથે જોડાયેલ છે. જે ગામો હાલમાં અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનની હદમાં આવે છે.

ચિતલ ગામ સહીત આજુબાજુના ગામોની વસ્તી પ્રમાણમાં વધુ છે, તેમજ નદીને સામે કાંઠે જશવંતગઢ આવેલ છે, અને અડીને ટીમ્બા ગામ પણ આવેલ છે, જે થોડા વર્ષો પહેલા એકજ ગ્રામ પંચાયત હેઠળ વહીવટ થતો હતો. અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનની હદમાં ૬૦ કરતા વધારે ગામડાઓ આવે છે. જેના લીધે કાયદો અને વ્યવસ્થા તેમજ ગુનાઓ પર અંકુશ એક પોલીસ સ્ટેશનથી રાખી શકાય તેમ લાગતું તેવું સ્પષ્ટ અનુભવાય છે. અમરેલી તાલુકો ગામોની દ્રષ્ટિએ અમરેલી જિલ્લામાં પણ મોટો છે અને ભૌગોલિક દ્રષ્ટિએ પણ વિશાળ છે. અમરેલી તાલુકાના ચિતલ ગામની આજુબાજુ આવેલ ગામોમાં કાયદો અને વ્યવસ્થા જળવાય, લોકોની સલામતીમાં વધારો થાય, લોકોની સુરક્ષામાં વધારો થાય, ગુડ ગર્વનન્સનો હેતુ સિદ્ધ થાય, તેમજ વહીવટી દ્રષ્ટિએ સરકાર અને લોકોને અનુકૂળ આવે એમ હોઈ જેથી ચિતલ ખાતે અમરેલી તાલુકાનું બીજું તાલુકા પોલીસ સ્ટેશન(ગ્રામ્ય) શરૂ કરવું જરૂરી છે. અમરેલી તાલુકામાં આવેલ ચિતલ ગામમાં લાતી-બઝાર, સનેડો ઉદ્યોગ, કોટન જિન ફેકટરીઓ, સ્કૂલ, હાઈસ્કૂલ, રેલવે સ્ટેશન, બસ-સ્ટેશન, મેઈન બજાર, હોમગાર્ડ ઓફિસ, ગ્રામ પંચાયત, ખાનગી દવાખાના, સરકારી પ્રાથમિક સારવાર કેન્દ્ર, આંગણવાડીઓ, ટેલિફોન એકસચેન્જ, પોસ્ટ ઓફિસ સહિતની સુવિધાઓ આવેલ છે. ચિતલમાં હાલ આઉટ પોસ્ટ આવેલ છે. જે લોકોની સુરક્ષા અને સલામતી માટે પૂરતું ન હોય જેથી ચિતલ ગામે પોલીસ સ્ટેશનની મંજૂરી આપી, પીએસઆઇ કક્ષાના અધિકારી અને સ્ટાફની નિમણૂંક કરી નવું ગ્રામ્ય પોલીસ સ્ટેશન મંજુર કરી ચાલુ કરવા અંતમાં માંગ કરેલ છે.

## ગુજરાતમાં ગરમીને લીધે લોકો ત્રાહિમામ પોકારી ગયા

# ૨૮-૨૯મી મેએ વરસાદની હવામાન વિભાગની આગાહી

અમદાવાદ, તા. ૨૫

ગુજરાતમાં ગરમીને લીધે લોકો ત્રાહિમામ પોકારી ગયાં છે. અમદાવાદ સહિતના શહેરોમાં ૪૩ ડિગ્રી કરતા વધુ તાપમાન નોંધાઈ રહ્યું છે. ગરમીને કારણે લોકોને લૂ લાગવાના બનાવો પણ નોંધાઈ રહ્યાં છે. હવે હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી પ્રમાણે રાજ્યમાં આજથી ગરમીથી રાહત મળશે. શુક્રવારે ભારે પવન ફૂંકાય તેવી પણ આગાહી કરવામાં આવી છે. બીજી બાજુ એક હવામાન નિષ્ણાંતે જૂનના પ્રથમ સપ્તાહમાં વાવાઝોડાની આગાહી કરી છે. અરબ સાગરમાં સક્રિય થઈ શકે છે વાવાઝોડુ જેના કારણે સૌરાષ્ટ્રમાં વરસાદ થઈ શકે છે.

હવામાન વિભાગ પ્રમાણે ગુજરાતમાં આજથી ગરમીથી લોકોને રાહત મળી શકે છે. તાપમાનમાં પણ બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો થશે. બીજી બાજુ હવામાન વિભાગે વરસાદની આગાહી કરી છે. આગામી ૨૮ અને ૨૯મી મેના રોજ વરસાદ થવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. ખાસ કરીને રાજકોટ, અમરેલી, ભાવનગર, પોરબંદર, પાટણ, મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા, વડોદરા, આણંદ અને ભરૂચમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. દરિયામાં સિસ્ટમ સક્રિય થઈ રહી હોવાથી દરિયાકાંઠે તથા આસપાસના વિસ્તારોમાં ભારે પવન ફૂંકાવાની પણ આગાહી કરવામાં આવી છે. દરિયામાં માછીમારી કરવા જનારા માછીમારોને પણ ત્રણ દિવસ દરિયો નહીં ખેડવા સૂચના આપવામાં આવી છે. સ્થાનિક હવામાન વિભાગ પ્રમાણે સૌરાષ્ટ્ર, કચ્છ સહિતના વિસ્તારોમાં પવન ફૂંકાઈ શકે છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે રાજ્યના દરિયાકાંઠે ભારે પવન ફૂંકાઈ શકે છે આ માટે એલર્ટ પણ આપવામાં આવ્યું છે. ૨૬ મેના રોજ ગુજરાતમાં ૪૦ કિમીની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. દરિયાકાંઠા વિસ્તારમાં ૬૫કિમીની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. સૌરાષ્ટ્ર-કચ્છ સહિતના વિસ્તારોમાં ભારે પવન ફૂંકાશે.

દેશના કેટલા રાજ્યમાં હવામાન વિભાગે ગાજવીજ સાથે વરસાદનું પણ એલર્ટ જારી કર્યું છે, જેના કારણે લોકોને ગરમીથી રાહત મળશે. હિમાચલમાં આંધી કરાવૃષ્ટિ અને ભારે પવન ફૂંકાવાની આગાહી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે હિમાલય ક્ષેત્રના હવામાનમાં પલટો આવ્યો છે. આજ રાજસ્થાનમાં પણ ધૂળભરી આંધી ફૂંકાઈ શકે છે, જ્યારે દિલ્હી સહિત ઉત્તર ભારતમાં હળવાથી મધ્યમ વરસાદથી સંભાવના છે. આ દરમિયાન ૪૦થી ૫૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.




*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)